
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 12 10th September, 2024 Annual Subscription Rs. 200 = 00

વર્ષ : ૨૮, અંક : ૧૨ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦



ઑક્સિજનની ટોટીઓ સાથે પૂજ્ય શ્રીમોટા


**ત્યારે શ્રીમોટાએ કહેલું : ‘અમે નક્કી કરીએ પછી ગમે તે ભોગે તે પાળ્યા વિના ન રહીએ.’**

‘હરિવાણી’, જુલાઈ, ૧૯૯૬, પૃ. ૧૬૫

(લેખ : પૃષ્ઠ ૨૨ ઉપર છે)

હરિઃૐ

મારે સમાજને બેઠો કરવો છે.



હું સર્વત્ર વિદ્યમાન છું.

હરિઃૐ

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

**શ્રીમાન, ..........................................................................................**

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઊજવવા મંજૂરી આપેલ, તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **પૂજ્ય શ્રીમોટાના ૧૨૭મા જન્મદિન**નો ઉત્સવ ઊજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને આપના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ.

**● ઉત્સવના યજમાન ●**

## ઉષાબેન કિરણસિંહ ખેર તથા પરિવાર

**ઉત્સવનું સ્થળ**

**શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, પાર્થનગર,**
**મંજીપુરા રોડ, મંજીપુરા, નડીઆદ. જિ. ખેડા.**

**ઉત્સવ કાર્યક્રમ**

**તા. ૨૨/૦૯/૨૦૨૪, રવિવાર (સવારે)**

* સવારે ૭-૩૦ થી ૮-૩૦ ચા/કોફી, અલ્પાહાર
* સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન અને ભજનો - ભાવિક પટેલ (સુરત)
* સવારે ૧૦-૩૦ થી ૧૧-૧૫ પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન (પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી અને ડૉ. નિરંજનભાઇ પટેલ - કુલપતિશ્રી સ. પ. યુનિ.)
* સવારે ૧૧-૧૫ થી ૧૧-૩૦ આશ્રમનો અહેવાલ, આભારવિધિ
* સવારે ૧૧-૩૦ થી ૧૨-૩૦ આરતી, ગુરૂવંદના, મહાપ્રસાદ

**નોંધ : ઉત્સવ વિશે અન્ય જાણકારી માટે સંપર્ક કરો :**

ઉષાબેન ખેર-મો. ૯૮૨૫૯ ૧૮૩૧૫ પ્રદ્યુમનસિંહ-મો. ૬૩૫૫૦ ૧૧૦૯૬

પરેશભાઈ-મો. ૯૪૦૮૯ ૨૦૭૫૭

**જરૂરી સુચના : એકજ દિવસનો ઉત્સવ હોવાથી ઉતારાની વ્યવસ્થા રાખેલ નથી.**

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

**પ્રકાશનસ્થળ :**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ


**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી નીમા મીનેષ અમીન


**વાર્ષિક લવાજમ**

ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ.૧૫૦૦/- (એરમેઇલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**

**'હરિવાણી ટ્રસ્ટ', C/O. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,અમદાવાદ-૩૮૦૦૦૭
**દાન-ભેટ સાથે પાન નંબર અવશ્ય આપવો.**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ**
www.hariommota.org ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઇલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**
ટાઈપ સેટિંગ : **રામ કોમ્પ્યૂટર મો.: ૯૮૨૪૬૧૨૨૮૮**
ટાઈટલ : **મયૂર જાની મો. ૯૪૨૮૪૦૪૪૪૩**


**વર્ષ : ૨૮ અંક : ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪**

## અનુક્રમ


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૦૪ |
| ૨ | સદગુરુ એટલે | શ્રીમોટા | ૦૫ |
| ૩ | આ બધી મારી લીલા છે | પૂ.દયાનંદતીર્થ (દાસાનુદાસજી) | ૦૭ |
| ૪ | પુરુષાર્થી સાધકની આંતરકથા | રમેશભાઈ ભટ્ટ | ૦૯ |
| ૫ | સૂક્ષ્મ જગતની અદ્‌ભુત યાત્રાઃ૫ | અશ્વિનભાઈ રાવલ | ૧૨ |
| ૬ | માર્ગત્રયનું ઐકય | નગીનદાસ ગોકળદાસ મહેતા | ૧૭ |
| ૭ | સૂર દ્વારા સ્વાસ્થ્ય | ઈન્દુભાઈ રોશનિયા | ૧૯ |
| ૮ | પુસ્તક પરિચય | ટ્રસ્ટી મંડળ-સુરત આશ્રમ | ૨૧ |
| ૯ | બોલેલું પાળનારા | રમેશભાઈ ભટ્ટ | ૨૨ |
| ૧૦ | મારા જીવન ઘડવૈયા શ્રીમોટા-૨ | ડૉ. અચલાબહેન ગાંધી | ૨૩ |
| ૧૧ | બહેનો ઘરેણાંનો ઠઠારો ન કરે | શ્રીમોટા | ૨૫ |


## -: જ્ઞાનદાન - સહયોગ :-

પૂજ્ય શ્રીમોટાના મિત્ર એવા પ. પૂ. સ્વામી કૃષ્ણાનંદજીના ભક્તસ્વજન દ્વારા સ્વામીજીના આવાગમનની તા. ૩-૮ અને ૨૬-૮ નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે તથા તેઓ નામ આપવા પણ ઈચ્છતા નથી તે તેઓની ગુરુભક્તિ દર્શાવે છે. તેઓશ્રી પ્રત્યે 'હરિભાવ' પરિવાર ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે.

- સંપાદક

(૧)

**શ્રી સદ્‌ગુરુ સ્થૂળ નહિ, દિવ્ય સ્વરૂપે છે**

શ્રી સદ્‌ગુરુને હૃદય જીવતા થવા, મેં તો શ્રી સદ્‌ગુરુને
-સ્મર્યા દિલમાં કર્યાં-કરીને, હૃદય પ્રાર્થ્યાં કરેલા છે.

શ્રી સદ્‌ગુરુ છો ભલે મૂર્તિ, છતાં તોયે ન તેવા છે;
શ્રી સદ્‌ગુરુનીજ મૂર્તિમાં શ્રી ભગવાન વસેલા છે.

શ્રી સદ્‌ગુરુને ભૂલેચૂકે શરીરરૂપે ન ધાર્યા છે,
શ્રી સદ્‌ગુરુ ના શરીર સ્થૂળ, પરંતુ દિવ્ય-રૂપે છે.

શ્રી સદ્‌ગુરુને હૃદય જીવતા-ગ્રહી મુજ આંગળી જીવને,
ચલવવાને જીવન-માર્ગે-સ્તવી-સ્તવીને-કરેલા છે.

(૨)

**જીવનસાધન તણો ઈતિહાસ**

શરીરનાં દર્દની પીડા સતાવ્યાં જે કરે, તેને
-કરાવીને કરાવીને ભજન-કીર્તન, શમાવે તે.

ભજન-કીર્તન થયાં કરતાં હૃદયના ભાવને શો તે
- સદાયે તેજ ને તેજ વળી તું તો રખાવે છે.

હૃદય આનંદ જીવંતાં ક્રિયાશીલ જે પ્રવર્તે છે,
બધાયે રોગનું શૂળ પડ્યાં મોળું કરે છે તે.

'થયાં સાધન જીવનમાં જે, વળી અભ્યાસ તેથી તે
-જીવન મારે પડેલો છે,' તું ઈતિહાસ લખાવે છે.

(૩)

**હરિ નામનો ચમત્કાર !**

કશા દમ ના શરીરમાં છે, તદ્દ્‌ન લૂલું થયેલું છે;
ખરેખર ખાણે કે તે હો શું ખાલી કોથળી સમ તે.

શરીરમાં વેદના ભારે અસહ્ય અપરંપાર જ છે,
શરીર તોડાય આખુંયે, શરીરને તાવ પણ તે છે.

ન કરવાને કંઈ વાત શરીરની લાયકાત જ છે,
બધાંયે દર્દનો હુમલો શું તેજસ્વી થયેલો છે !

શું એક સામટો હલ્લો ! શી મર્યાદા વટાવીને
શરીર તાકાદની બ્હાર, છતાં દિલ તો રમે ભાવે.

હરિના ભાવને લીધે થતું જે જે, બધાંનો તે
-જીવંતો સાક્ષી ર્‌હેવાયે; પ્રસાદી તે કૃપાની છે.

તા.૩-૧-'૭૨ ના રોજ ખંભાત જતાં આવતાં ત્રણસો માઈલની મુસાફરી થઈ, સવારે નાડીના ધબકારા ૧૩૨, ને ખંભાતમાં ૧૨૦ઃત્યારે કારમાં લખાયેલું ભજન.

(૪)

**વિજયના માર્ગની ચાવી**

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ જીવનમાં ધ્યેય પ્રત્યેનાં
-સતત શાં એકધારાં તે ટકવવાને મથ્યો દિલમાં !

જીવનનું ધ્યેય ખૂંપેલું હૃદય નિશ્ચિત થતા પાકું;
વહેતાં ભાવના કેન્દ્રે થવાયું દિલ ઊંડુંઊંડું !

જવાને આરપાર જ શી નજર સોંસરવી સાંપડવા !
ઊગ્યાં સાધન કૃપાથી તે ગયાં તે તે કરેલાં શાં !

પ્રમાણિકતા, વફાદારી, હૃદય-નિષ્ઠાથી મથતો જે,
વિજયના માર્ગની ચાવી જરૂર તેને મળી ર્‌હે છે.

'જીવનરસાયણ' આ દ્વિતીય, પૃ.૨૬૪,૨૫૦,૨૫૪,૨૪૯

પરમ કૃપાળુએ અપરંપાર કૃપા કરી અમને ભંગીનું કામ સોંપ્યું છે. એના જેવો બીજો કોઈ ઉત્તમ યજ્ઞ નથી અને બીજું કોઈ ઉત્તમ કર્મ નથી, તે યજ્ઞ હજી સંપૂર્ણ તો થઈ શકતો નથી. જેટલું થયું અને થાય છે, તે પાછું હતું તેમનું તેમ થયા કરે છે. પ્રભુ કરે અને મળેલાં બધાં જાગતાં-ચેતતાં રહે અને સર્વ રીતે સર્વ ભાવે તેમનાં સર્વ કરણોમાંથી મળ, વિક્ષેપ, આવરણ હઠતાં જાય તો જ પ્રભુકૃપાથી જંપ વળે. બાકી તો હૈયામાં સતત ઉજાગરો જ પ્રવર્ત્યા કરતો રહે છે, એવી છે અમારી હેરાનગતિની કથની. અમારાં સુખ, શાંતિ, આરામ આદિનો વિચાર અને તે પણ પોતપોતાના જીવનવિકાસના હેતુ અર્થે-કોઈપણ હજી સુધી કર્યાં કરતું અનુભવાતું નથી. એ અમારું દુઃખ અમે કોને કથવા જઈએ? માટે કૃપા કરી અમને તારાથી કરી પરમ શાંતિ, સુખ મળ્યા કરે તેમ સંસાર વહેવારમાં જીવનને ઉપયોગીપણાના હેતુથી ફળાવવાને વર્તજે.

આપણા અનેક પ્રત્યક્ષ અને તાદશ્ય અનુભવોને પરિણામે જેને સદ્‌ગુરુનું સ્થાન આપ્યું હોય તેનામાંના સ્થૂળ અને સૂક્ષ્મમાં ભેદ તારવવો એ મુશ્કેલ હકીકત છે, અને ઘણાંને માટે તે અશક્ય પણ હોય. તેમ છતાં સદ્‌ગુરુ એટલે ગુરુનું શરીર નહિ, મન નહિ, અને જુદાં જુદાં નિમિત્ત કારણે ઊઠતી પ્રેરક અને પ્રભુપ્રેરિત પ્રવૃત્તિનો સરવાળો પણ તે નથી. **સદ્‌ગુરુ એટલે ભગવાનનો જીવતોજાગતો જીવનમાં સાર્વત્રિકપણે પ્રસરી એકધારો પ્રગટી રહેલો ભાવ.** સદ્‌ગુરુ એટલે શ્રીશંકરાચાર્ય કહે છે તેમ :

એકં નિત્યં વિમલમચલં સર્વધી સાક્ષીભૂતમ્ ।
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥

-એવા સદ્‌ગુરુના ભાવને ઝંખવું. એવી ઝંખનાનો ભાવ કંઈ નકામો નથી હોતો, અથવા તો શક્તિ વિનાનો પોલો પોલો પણ હોતો નથી. એવા ભાવની જ્યારે ખરેખરી ઝંખના પ્રગટે છે, ત્યારે એવા પ્રકારની દિલમાંની ઝંખના એના પરત્વે એક પ્રકારની એકતાનતા પ્રગટાવે છે. એવી ઝંખનાથી એના પરત્વેનું દિલમાં દિલથી આકર્ષણ પણ પ્રગટે છે. એવું આકર્ષણ પ્રગટેલું હોય અને તે સતત એકધારું પ્રગટયા કરેલું હોય અને તેમાં પૂરેપૂરી સળંગતા જાગેલી હોય ત્યારે ત્રણે દશામાં - 'નિદ્રામાં, સ્વપ્નમાં અને જાગ્રતિમાં-ઝંખું છું', એવું લખેલું યથાર્થતાવાળું ગણી શકાય. માનવી જે જે કંઈ બોલે છે અથવા કહે છે, તેને ભગવાનની કૃપાથી આ જીવ તે રીતે સાચું માની શકતો નથી, કારણ કે તે તે જીવને જે જે પ્રકારની રોજિંદા વહેવારવર્તનમાં વૃત્તિ, લહરીઓ ઊઠે છે, તે પોતે જ તેનું પોત ઉઘાડું કરીને બતાવી આપે છે.

બાકી હું પોતે સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી, અને કહેતો પણ નથી. તે તો સૌ કોઈનાં

દિલની પોતપોતાની ભાવનાની વાત છે. પરંતુ એટલું તો જરૂર છે કે પ્રભુકૃપાથી **દ્વંદ્વાતીત અનુભવના પ્રત્યક્ષપણાના કેટલાક પ્રસંગ આ જીવનમાં પ્રગટેલા છે,** અને સાધનાના કાળમાં જ્યારે તમારાં બધાંની સાથે આ જીવ રહ્યા કરતો હતો, ત્યારે પણ એનું ભાવનાનું ભાવનામાં અચળપણું રહ્યા કરતું હતું. (પણ તેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તે કાળે આપણામાં પ્રગટેલાં ન હોવાથી તેની કદરભક્તિ આપણાથી થઈ શકેલી ન હતી તે વળી જુદી હકીકત છે.) **'ભગવાન તેના ભક્તનું બધું સંભાળે છે'** એવા કેટલાય પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે.

પ્રભુકૃપાથી પૂરો સંપૂર્ણ હોવાનો દાવો કદી પણ કર્યો નથી, પરંતુ તમે મને તમારી પોતાની મેળે સદ્‌ગુરુ તરીકે ઠેરવ્યો. તો પછી તેના પરત્વેની તેવી ભાવનાનું વર્તન જો આપણાં બધાંનું ન વર્તી શકાય, તો તેવાં સ્વજનની સદ્‌ગુરુ પરત્વેની ભાવનાનું બીજું કયું લક્ષણ પારખવું કે જેથી તેની સાચી સમજણ પડી શકે? જે કોઈ જીવે પોતે પોતાની મેળવે સદ્‌ગુરુ કર્યા હોય અને સદ્‌ગુરુની યોગ્યતા તેને ન પરખાતી હોય તો તેવા સદ્‌ગુરુને તે મૂકી દઈ શકે છે- જોકે આપણામાં તેવું પારખવાની લાયકાત અને તેવી શક્તિ પ્રગટેલી હોતી નથી. તે વળી જુદી હકીકત છે. સદ્‌ગુરુ પરત્વે સદ્‌ભાવની ઉત્કટ ભાવના પ્રગટેલી ભલે રાખી શકતાં ન હોઈએ, તેમ છતાં પણ જો જીવનવિકાસના ધ્યેય પરત્વેનું આપણું દૃષ્ટિબિંદુ એકસરખું, એકધારું, વેગવંતું કામ કરી રહેલું હોય, તોપણ કશો વાંધો નથી. આ તો બધાનું તેમ પણ નથી અને આમ પણ નથી અને વાંધાવચકા આપણે બીજાં બધામાં કાઢ્યાં કરવાં છે. આ તો તદ્દન ક્ષુલ્લકપણાની હકીકત છે. અને તે બતાવી આપે છે કે જીવનવિકાસ પરત્વેનું ખરેખરું સાચું મહત્ત્વ આપણને પ્રગટેલું નથી. આ કાગળ લખી રહેલો છું તો એક વ્યક્તિને, તેમ છતાં પુરુષ અને નારી-જાતિવાચક જે સંબોધન કર્યું છે, તે તો બધાં સ્વજનોને આ લાગુ પડે છે માટે તેવી રીતે તે સંબોધાયેલું છે. જીવન પરત્વેનું દૃષ્ટિબિંદુ સાચી રીતે કેળવાય અને તે તરફનું સ્વજનોનું લક્ષ પ્રેરાય એવી મારી ધગધગતી તમન્નાને તમે બધાં પ્રેમભક્તિથી જો સ્વીકારી લેવાનું કરી શકો, તોપણ હાલનું જીવન વેગ અને ગતિ બંને પકડી લે. અરે ! એટલુંયે જવા દો, પરંતુ જો તમે મને તમારા દિલનું એક સાચેસાચું, ખરેખરું સ્વજન ગણતાં હોવ, અને -અહીં પ્રેમના ભાવની વાત જવા દો, પરંતુ-તમને બધાંને આ જીવ પરત્વે હૃદયની લાગણી જ માત્ર જો હોય, તો તેને કેમ કરીને આપણે આપણા વર્તનથી રાજી રાખી શકીએ અને સંતોષ પમાડી શકીએ એવી ભાવના તો પ્રગટવી જોઈએ ને? તમે બધાંએ મને સ્વજન તરીકે સ્વીકાર્યો હોય, તો ભલે, પરંતુ જો તમે તેવી રીતે સ્વીકાર્યો હોય તો તેનું પણ માપલક્ષણ તમારા મારી પરત્વેના વર્તાવમાં પ્રગટેલું હોવું જોઈશે કે નહિ ?

પ્રભુકૃપાથી આ જીવ ને કદી પણ કોઈની તુલના કરવાનું દિલમાં જાગ્યું નથી. દરેક પાસેથી
**અનુસંધા પાના ૮ પર**

## (૩) આ બધી મારી લીલા છે !

**પૂ.શ્રી દયાનંદતીર્થ (દાસાનુદાસજી)**

હે અર્જુન ! મારા આવા ભક્તો માટે હું ગાંડોઘેલા જેવો થઈ જાઉં છું. હું નિર્ગુણ બ્રહ્મ સગુણરૂપ ધારીને શબરીને ત્યાં એઠાં બોર ખાઉં છું, વિદુરને ત્યાં ભાજી ખાવા દોડું છું. પ્રેમવશ થઈને જો, હું તારા રથ પર બેસીને ઘોડા હાંકું છું. વૃંદાવનની ગોપીઓ એટલે કે અજ્ઞાની રબારણો. એને બિચારીને વેદવેદાંતની શી ખબર પડે ? તે તો પ્રેમવશ બનીને નામ પુકારે છે. હું સગુણરૂપે તેઓની સાથે નાચ્યો. અરે, ઘેલી રબારણ દહીં વેચતાંય ભૂલીને મને વેચવા નીકળે છે. 'માધવ લ્યો, કોઈ માધવ લ્યો.' હું ગુલામ બનીને ત્યાં વેચાઉં છું. **આ બધી મારી લીલા છે.** કહે, અર્જુન, મારા સિવાય એઠાં બોર ખાવા કોણ જાય ? મારા સિવાય તારો રથ કોણ હાંકે ?

આપણે તો ઊંચ વર્ણના ! રોહિદાસ ચમાર હતો. ગોપીઓ તો રબારણો હતી. અર્જુન પણ બ્રાહ્મણ ન હતો. તે તો ક્ષત્રિય હતો. આ બધાં ભગવાનનું સતત ચિંતન કરતા.

મારું સતત ચિંતન કરે ત્યાં હું ગાંડો ન થાઉં તો શું કરું ? રાધા તો પ્રેમવશ થઈને મને ગાળો દેતી. પ્રેમમાં તો તુંકારો મીઠો લાગે. વહુને તુંકારો કરવાનો હક છે. સમર્પણ કરે તેને તો ગાળો દેવાનો પણ હક છે. જીજાબાઈ લાકડી લઈને દોડેલા. 'મૂઆ મેલ્યા વિઠ્ઠલ' કહીને મારવા દોડ્યાં. ભગવાને કહ્યું, 'બસ કર.' એમ કહીને પણ દર્શન આપવા પડ્યા. તુકારામની પહેલાં જીજાબાઈને દર્શન થયાં.

અર્જુન કહે છે કે નથી સાંભળવું. છતાં ભગવાન કહે છે કે હું બોલીશ. અર્જુન કહે છે કે સાંભળવાનું મન નથી છતાં સંભળાવો.

આ સાત્ત્વિક ભાવ છે. કૃષ્ણ 'રાધે, રાધે' કહીને એકવાર સાત્ત્વિક ભાવમાં રડવા લાગ્યા. રુક્મિણીને બહુ ચીડ ચડે. 'શું હું સ્વરૂપવાન નથી કે આ રાધાનું જ ચિંતન કરે.' એકવાર આસો માસની પૂનમ હતી. ભગવાન રુક્મિણીની સાથે યમુનાતીરે ફરવા ગયા. ગોપીઓ પણ આવેલી. ભગવાને રાધાને વિવેક કર્યો – ચાલ, અમારી સાથે. રાધા પણ આવી. બધાંને ખૂબ આનંદ થયો. રુક્મિણીને મનમાં ચીડ ચડી. આ રાધા, તેનામાં વળી કયું એવું રૂપ છે. સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે જ ઈર્ષ્યાનો ભાવ હોય. પોતાના સિવાય બીજી સ્ત્રીની સાથે પુરુષ વાત કરે કે સ્ત્રી પૂછે કે 'તમે શું વાત કરતા હતા ?' રુક્મિણીના મનમાં થયું કે લાગ મળે તો આ રાધાને ઠેકાણે કરું.

તેને એવો લાગ મળ્યો. કૃષ્ણે તેને કહ્યું કે રાધાને દૂધ આપ. રાધાને માટે રુક્મિણીએ એકદમ ગરમ દૂધ તૈયાર કર્યું. મનમાં ચિડાતી જાય કે 'આ તમારી પ્રેયસી, તેને મારે દૂધ પાવાનું, કેમ ? રુક્મિણી જ્યારે રાધા પાસે દૂધ લઈને ગઈ ત્યારે રાધા તો ભાવમાં હતી. રુક્મિણીએ ગરમ ગરમ દૂધ તેની પાસે મૂક્યું. 'ભગવાને તમને આ દૂધ મોકલ્યું છે, જલદી પી લો.' રાધા શું બોલી ? કશું જ નહિ. તે તો એકદમ પી ગઈ. રુક્મિણી તો જોઈ જ રહી. રુક્મિણીના મનમાં કે રાધાનું ગળું દાઝી જશે પણ કંઈ ન થયું.

રાત્રે ભગવાન શયનખંડમાં સૂતા હતા. રુક્મિણી જેવી પગ ચાંપવા જાય કે ભગવાને અરર કર્યું. રુક્મિણીએ જોયું તો ભગવાનના પગે દાઝ્યાના

ફોલ્લા પડેલા. રુક્મિણીએ પૂછ્યું, 'અરે, તમારા પગ પર દાઝ્યાના ફોલ્લા કયાંથી?

આટલું બધું દાઝી ગયા છતાં તમે વાત પણ નથી કરતા?

ક્યારે દાઝયા ?

કૃષ્ણે કહ્યું, 'તેં મારા પગ પર ગરમ દૂધ રેડ્યું.'

'તમે મને બનાવો છો. મેં ક્યારે દૂધ રેડ્યું?' રુક્મિણી બોલી.

'કેમ? તેં રાધાને ગરમ દૂધ નહોતું આપ્યું? રાધા તે પી ગઈ. તેના હૃદયમાં મારા ચરણ સિવાય બીજું કશું નથી.'

કૃષ્ણે રુક્મિણીને સમજાવ્યું. ભક્તનું સંકટ પોતા પર લઈ લીધું. રુક્મિણીએ દ્વેષ કર્યો તો દ્વેષના ફળ ભોગવવાં પડ્યાં. કૃષ્ણે બતાવ્યું કે ઈર્ષાનો ભાવ ખોટો છે. આ પછી રુક્મિણીએ કદી રાધાનો વિરોધ ન કર્યો.

રુક્મિણીને એકવાર અર્જુન પર પણ દ્વેષ થયેલો. આખો દિવસ 'અર્જુન, અર્જુન', કર્યા કરો છો તે એ તમારો મહાન ભક્ત છે? કૃષ્ણ અને અર્જુન તો મામાફોઈના ભાઈઓ હતા. સાળાબનેવીનો પણ સંબંધ. કૃષ્ણે રુક્મિણીને કહ્યું કે અર્જુન મારો સાચો ભક્ત છે. કૃષ્ણ રુક્મિણીને લઈને હસ્તિનાપુર આવ્યા. અર્જુન નાહીધોઈને શયનખંડમાં સૂતેલો. કૃષ્ણ તો રુક્મિણીને લઈને ગયા સીધા અર્જુન પાસે. ચાલ, આપણે અર્જુનનાં દર્શન કરીએ. રુક્મિણીને થયું કે હું પાસે છું છતાં ભાવ નથી. કૃષ્ણ તો અર્જુનના પલંગની પાસે નીચે બેસી ગયા. અર્જુનના લાંબા વાળ નીચે લટકતા હતા. ભગવાન પોતાના દુપટ્ટાથી તેના વાળ કોરા કરવા લાગ્યા. રુક્મિણીને તો ખૂબ ચીડ ચડી. ત્યાં તો ભગવાને તેને કહ્યું કે તું પણ આ વાળ કોરા કર. રુક્મિણી મનમાં બબડવા લાગી કે મારે શું આવું કામ કરવાનું ? પણ ભગવાનની આ એક લીલા હતી. ભગવાને રુક્મિણીને પાસે બેસાડીને અર્જુનના વાળ તેના હાથમાં આપીને કહ્યું કે, તારા પાલવથી તેને સાફ કર. સાક્ષાત્ લક્ષ્મી ભક્તને ત્યાં દાસી બની. રુક્મિણીએ જેવા વાળ હાથમાં લીધા તો તેને કંઈક ધીમો અવાજ સંભળાયો. કૃષ્ણે તેના કાન પાસે વાળ લઈને કહ્યું, 'સાંભળ' વાળમાંથી 'કૃષ્ણ, કૃષ્ણ' એવો નાદ આવતો હતો. કૃષ્ણે રુક્મિણીને કહ્યું કે, જેના રોમરોમમાંથી કૃષ્ણ, કૃષ્ણ અવાજ આવે એવા ભક્તનું હું રટણ ન કરું તો કોણ કરશે ?

'પ્રેમયોગ' આ-૨, પૃ.૪૬-૪૯

**અનુસંધા પાના ૬ ચાલુ**

કેમ કરીને કંઈક આગળ વધવાની પ્રેરણા મળે અને જીવનમાં જીવદશાનાં વિચાર, વૃત્તિ અને વલણમાંથી કેમ કરીને મોળું પડાય તેવાં જ એકમાત્ર મારાં તો દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સદાય એકધારાં જીવતાં રહ્યાં કરતાં હતાં. એવાં ભાવથી ભરેલાં મન, મતિ, દિલ એકધારાં જીવંત પ્રેરાયેલાં જેને રહે છે, તેને આવું બધું સૂઝતું જ હોતું નથી કે ઊગતું પણ હોતું નથી. કેટલાંક સ્વજનને જ્યારે આવી બાબતમાં ચર્ચામાં કે વાતચીતમાં ઊતરી પડેલા જોવાનું બને છે, ત્યારે તો તેમાંથી મને આપણી પામરતાનું અને ક્ષુલ્લકતાનું જ દર્શન થાય છે.

'ભગતમાં ભગવાન' આ.૬ઠ્ઠી, પૃ.૩૨૮-૩૩૧

## (૪) પુરુષાર્થી સાધકની આંતરકથા

**રમેશભાઈ ભટ્ટ**

પૂજ્ય શ્રીમોટા સાધક અવસ્થાની ચોક્કસ કક્ષાએ પહોંચ્યા પછી જે આંતરિક અનુભવમાંથી પસાર થતા હતા એ હકીકત નિવેદનરૂપે ‘કેશવચરણકમળે’માં વ્યક્ત થઈ છે. અભિવ્યક્તિમાં અંતઃકરણોનાં વલણોનું નિખાલસ અને સ્પષ્ટ પૃથક્કરણ છે. જે કંઈ આંતરવિકાસ થઈ શકયો છે એનું વિનમ્ર નિવેદન છે. ઉપરાંત જીવનધ્યેય માટેની જે દિશામાં ગતિ થઈ રહી છે એમાં આવતા અંતરાયોને ઓળંગવા માટેની મથામણ સાથે કૃપાશક્તિ માટેની પ્રાર્થના છે. આ બધું તેઓશ્રીએ પોતાના વ્યક્ત પ્રભુરૂપ સદ્‌ગુરુ શ્રી કેશવાનંદના ચરણકમળમાં આર્દ્રભાવે નિવેદનરૂપે વ્યક્ત કર્યું છે, પરિણામે આ બધી જ આંતરકથા ભક્તિભાવથી સભર બની છે.

‘કેશવ’ એ કેવળ વ્યક્તિવિશેષ સંજ્ઞા નથી, પરંતુ પરમ ચેતનને વ્યક્ત કરતી સંજ્ઞા છે. ‘કેશવચરણકમળે’માંનાં પદો વાંચતા આપણને આ હકીકતની પ્રતીતિ થાય છે. પરંતુ પૂજ્ય શ્રીમોટાને મન તો ‘ગુરુ એ જ પરબ્રહ્મ’ ની દૃઢ પ્રતીતિ અને અનુભૂત પ્રમાણ હતાં. આમ છતાં કેટલાંક પદોમાં શ્રીસદ્‌ગુરુ કેશવાનંદજીના બાહ્યરૂપ તથા તેઓશ્રીની ચેષ્ટાનાં ઉલ્લેખો, વર્ણનો આવે છે. એ દ્વારા તેઓશ્રીમાં પ્રગટ છતાં ગૂઢ રહેલા પ્રભુરૂપની લીલાને જ નિહાળે છે.

પૂજ્ય શ્રીમોટાની સાધનાપદ્ધતિની કેટલીક નોંધપાત્ર વિશેષતા છે. તેઓશ્રીએ જીવનવિકાસની સાધનાનો આરંભ કર્યો ત્યારથી આયોજનપૂર્વક બધાં પગલાં ભરેલાં. શરૂઆતમાં તેઓશ્રીએ સાધનના પ્રયોગ દ્વારા, સાધનમાં રહેલી શક્તિનું પ્રમાણ મેળવેલું. પરંતુ જેમાં ગુણશક્તિ અનુભવાતી ચાલી પછી તરત જ પ્રભુમાર્ગની એક સ્પષ્ટ રેખા દોરી દીધી. ‘પ્રભુ’ એ શું છે? પ્રભુ કયાં રહે છે ? પ્રભુ કેવા રૂપે હોઈ શકે? પૂર્વે અનેક સંતભક્તોએ પ્રભુને કેવા રૂપે અનુભવ્યા છે ? વગેરે વિષે બુદ્ધિમાં-વિચારમાં સ્પષ્ટતા મેળવી લીધી. પછીથી એ પ્રભુરૂપના અનુભવ માટે તાલાવેલી લાગી. ૧૯૨૩થી આરંભાયેલી સાધના એકલક્ષી બની. ૧૯૨૭ સુધી આવતાં શું શું થયું અને હવે શું થઈ રહ્યું છે એ અંતરની વ્યથા-કથા હૃદયના ઊંડા ભાવથી આ પુસ્તકમાંના ભજનોમાં વ્યક્ત થઈ છે.

પૂજ્ય શ્રીમોટા તેરમા પદમાં, પોતાનો પાલવ પાથરીને કરગરે છે કે, ‘હે કેશવ, તું મારી સામું જો’ અને આવી વિનવણી લળી લળીને કર્યા કરે છે. પોતે સાધનાનો આરંભ કરતાં, ‘પોતાના દારિદ્રનો નાશ થશે’ એવી આશાથી વલખાં માર્યા કરતાં હતાં. એથી ‘કોઈ પૂર્વજન્મના સંસ્કારે’ ગુરુકૃપાથી જે યત્કિંચિત્ યત્નો થઈ શકેલા, એના પરિણામે ‘પદે’ ઢળાયું છે. એ પછી પૂજ્ય બાળયોગી મહારાજ સાથેના મિલન સંકેતથી જણાવે છે કે,

‘પામ્યો કો વિરલા સંત કેરી પ્રસાદી કેશવ !
અદ્‌ભુત વાત ઉર તેથી રે હું શકું લહી કેશવ !

આ 'અદ્ભુત વાત' લહી શકવી એ મુશ્કેલ છે. પણ સંતની પ્રસાદીથી તેઓ જીવનવિકાસના માર્ગનાં કેટલાંક રહસ્યો જાણી શકયા છે. ત્યાર પછી તેઓશ્રી જે સાધન પ્રયોગો આચરી જોવા લાગ્યા. પરિણામે

'મેળવાઈ વિચારે વસ્તુ રે, સ્હેજ ત્યાં તો કેશવ!'

જે અત્યંત ગહન અને ગૂઢ એવું પરમતત્ત્વ- 'વસ્તુ' 'સ્હેજ' માં વિચારે મેળવી શકાઈ એમ સ્પષ્ટ જણાવે છે. આ 'વસ્તુ-તત્ત્વ'-પરમતત્ત્વ- સૌપ્રથમ વિચારરૂપે પ્રાપ્ત થાય છે. આ હકીકત ઘણી મહત્ત્વની છે. વિચારમાં જો સ્પષ્ટતા હોય તો ભૂલો પડવાની શકયતા ઓછી રહે છે, પણ એકલા વિચારની જ સ્પષ્ટતા પૂરતી હોતી નથી. એ વિચાર હૃદયમાં તાલાવેલી ન જગાડે તો એ વિચાર વાંઝિયો ગણાય એમ પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું છે.

'જેથી આ તાલાવેલી લાગી રહી ઉરમાં, કેશવ!'

આ તાલાવેલીની માત્રા એટલી તીવ્ર છે કે જેથી 'એમનાથી જંપીને રહેવાતું નથી' માટે તેઓ કરગરીને લળીને 'સામું જોવા' વિનવે છે. આ સ્થળે 'ધ્યાનમાં લેવાના' અર્થમાં 'સામું જોવું' એ પ્રયોગ થયો છે.

પૂજ્ય શ્રીમોટાની સાધનાપ્રક્રિયામાં પુરુષાર્થ અને કૃપાના યુગલનો સમાંતર ઉપયોગ છે. કયારેક એ બન્ને સમરેખ બની જાય છે. પોતે પુરુષાર્થવાદી છે એને તેઓશ્રી ગુરુની કૃપા સમજે છે. આ હકીકત માર્મિક છે. કેમ કે પુરુષાર્થ કૃપા વિના થવો મુશ્કેલ છે. કૃપાની શક્તિ પુરુષાર્થ પ્રેરે છે અને એવા પુરુષાર્થી થતી બધી ક્રિયાઓ આત્મશક્તિનો અનુભવ વધાર્યા કરે છે. અહીં 'પુરુષાર્થ' એટલે માત્ર પ્રયત્નો કે સાધનક્રિયા માત્ર નહિ, પરંતુ જે કાંઈ બને એ 'પુરુષ-એટલે કે પરમાત્માને અનુભવવાને 'અર્થે' - માટે જ બને એ પુરુષાર્થ છે.

જો પુરુષાર્થ કૃપાની ભૂમિકાથી ન થાય તો કેવળ અહંકાર જ વૃદ્ધિ પામે. અને પુરુષાર્થ વિના માત્ર કૃપાના આશ્રયે જ પડ્યા રહેવાય તો પ્રમાદ અને ભ્રાંતિ જ રહે. આથી આ બન્ને શક્તિઓનો સમન્વય એ પૂજ્ય શ્રીમોટાની સાધનામાં પૂરતી સમજપૂર્વક થયેલો છે.

૧૭ મી ગઝલમાં આ હકીકતનું સ્પષ્ટ નિવેદન છે.

'મને પુરુષાર્થવાદી તેં બનાવ્યો એ કૃપા, કેશવ !

ચઢી ઉપર શકાયું તે પ્રભુ ! તુજ સ્હાયથી કેશવ !'

સાધનામાં સહેજ પણ ગતિ પ્રગતિ કૃપામદદ વિના શકય જ નથી. સાધના દરમિયાન જે આંતરશક્તિ જાગ્રત થાય છે એથી જ સાધકનો વિશ્વાસ દૃઢ થતો જાય છે અને ગુરુ સાથેનો આંતરિક સંબંધ પણ દૃઢ થતો જાય છે. પૂજ્ય શ્રીમોટાએ ગુરુ ચેતનાશક્તિ સાથે નાતો એવો તો દૃઢ કરેલો કે એમાંથી શ્રદ્ધા અને મક્કમતાનું અનોખું બળ પ્રગટ થયેલું.

'કદી તુજ છાપ અંતરથી ભુસાશે સ્હેજ નહિ કેશવ !

ભલે યુગો વીતી જાશે પ્રલય પૃથ્વી થશે કેશવ !'

શ્રીસદ્ગુરુ હેતથી હૃદય સાથે ચાંપી લે એવી વિનંતી તેઓશ્રી એટલા માટે કરે છે કે પોતે

સાધના કરતાં કરતાં એટલી યોગ્યતા ધારણ કરી ચૂકયા છે. પાત્રતા કેળવીને ગુરુને વિનવે છે.

પૂજ્ય શ્રીમોટાની સાધનાની આ પણ એક વિશેષતા છે. પાત્રતા કેળવ્યા વિના ગુરુકૃપા અનુભવાતી નથી. ગુરુના સૂચવ્યા પ્રમાણે જે કાંઈ સાધના થયે જાય ત્યારે જ પાત્રતા કેળવાય છે. આ પ્રક્રિયા વિના સાધનામય માર્ગમાં ગતિ શકય નથી.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૨૭ ની સાલમાં કેવી સજ્જતા કેળવી હતી એ હકીકતનું આ પદોમાં નિવેદન થયું છે. આ પુસ્તકનાં પાને પાને જે નિવેદન છે એમાં સત્યનિષ્ઠા, ખુલ્લાપણું, અને ખુમારી ઉપરાંત શરણભાવ છે. એ કોઈપણ સાધકને માર્ગદર્શક બને એવાં છે.

● ○ ●

'કેશવચરણકમળે' ૧૯૪૬માં પ્રગટ થયેલી. જે પદો ૧૯૨૭ માં રચાયેલાં એ ૧૯ વર્ષ પછી પ્રગટ થયેલાં. પૂજ્ય શ્રીમોટાની કાર્યપદ્ધતિની લાક્ષણિકતા નોંધપાત્ર છે. તેઓશ્રી ભાવભર્યાં નિવેદનોને લખી રાખતા હતા. આવા લેખન પાછળનો હેતુ નિષ્ઠા દૃઢ કરવાનો હતો. ગેય ઢાળમાં નિવેદન થતાં ભાવ જાગે છે. અને એ ભાવને લીધે નિવેદન ઊંડાણમાં થાય છે. અને એના પ્રત્યે ટકી રહેવાય છે. આ એક નક્કર હકીકત છે. જ્યાં સુધી પ્રાર્થનામાંનો ભાવ ફલિત થતો ન અનુભવાય ત્યાં સુધી એકની એક પ્રાર્થના તેઓશ્રી દિવસો સુધી કર્યા કરતા હતા. અને જે ભાવની પ્રાર્થના થતી એ પ્રમાણે આચરણ કરવા સતત મથતા. મથામણ દરમિયાન તથા અંતે જે કાંઈ અનુભવાતું એ બધું જ તેઓશ્રી પ્રભુના ચરણે નિવેદનરૂપે રજૂ કરતા. એ બધી જ હકીકત આવાં પદોમાં નોંધાયેલી છે.

આવાં પદોનો સૌથી પહેલો સંગ્રહ 'કેશવચરણકમળે' છે. ૧૯૪૬માં પ્રગટ થયેલ આ પુસ્તકનાં પદો ધ્યાનથી અને ભાવથી વાંચવાનું પહેલી જ વાર બન્યું. ૧૯૬૮માં પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તક મને આપેલું ત્યારે માત્ર વાંચી જ ગયેલો. પરંતુ આ નવી આવૃત્તિ કરવા માટે જ્યારે પરિશીલન કર્યું ત્યારે સમજાયું કે પૂજ્ય શ્રીમોટાના સાધનાકાળની મૂલ્યવાન નોંધ આ પદોમાં છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાની સાધનાકાળની પ્રાર્થનાઓ પરમાત્માનુભવ (૧૯૩૯) પછી પ્રગટ થવા દીધી. એનો પણ એક કલ્યાણકારી હેતુ છે. જે જીવો સાધનામાર્ગે ગતિ કરવા તત્પર થાય છે એણે એવી સજ્જતા કેળવવાની હોય છે અને પોતાનું આંતરિક પૃથક્કરણ કરતાં કેવા તટસ્થ અને કડક રહેવાનું હોય છે એનો એને ખ્યાલ આવે છે. એક માત્ર સાધનક્રિયા પ્રત્યે જ સાધકનું લક્ષ રહ્યા કરે અને આંતરિક રાગદ્વેષને નિવારવાનું ન બને તો ભ્રમણામાં રહેવાય. પૂજ્ય શ્રીમોટાએ કોઈપણ શ્રેયાર્થીને માર્ગદર્શક બની રહે એવા હેતુથી આ પદોનું પ્રકાશન થવા દીધું છે. બીજું, શ્રેયાર્થીએ આ પદોનો ઉપયોગ પણ હેતુપૂર્વક કરવાનો છે. પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનની આંતરકથાની સચ્ચાઈ, પ્રામાણિકતા અને સમર્પણભક્તિ શ્રેયાર્થીના આંતરજીવનને સ્પર્શે છે અને અસર પણ કરે છે. આથી એક સંનિષ્ઠ પુરુષાર્થી સાધકના આ શબ્દો સૌ કોઈ શ્રેયાર્થીને સચ્ચાઈ અને નિષ્ઠામાં ટકાવી રાખે એવા છે.

'કેશવચરણકમળે' આ-૨, પૃ.૧૫-૧૯

સાંજના સાત વાગવા આવ્યા હતા. છેલ્લા દોઢ-બે કલાકથી સ્વામીજી સૂક્ષ્મ જગત વિશે એકધારું બોલી રહ્યા હતા. મોટાભાગની ચર્ચા પૂરી થવા આવી હતી.

"સ્વામીજી એક સવાલ પૂછવાનું મન થાય છે. આત્મા ચિત્રગુપ્તના વિભાગમાં ગયા પછી એને ક્યાં મોકલવો એ કઈ રીતે નક્કી કરવામાં આવે છે એના માપદંડ શું છે ?" મારા મિત્ર મહેશભાઈએ સવાલ કર્યો.

**"કર્મ અને માત્ર કર્મ!"**

"તમે સમગ્ર જીવન દરમિયાન સારાં કે ખરાબ જે પણ કર્મ કર્યાં હોય એનો સંપૂર્ણ રેકોર્ડ જે તે ન્યાયાધીશની સામે આવી જાય છે. ઈરાદાપૂર્વક કરેલાં ખરાબ કર્મો અને અજાણતાં થયેલા ખરાબ કર્મો બંનેની સજા જુદી હોય છે. તમારા સૂક્ષ્મ શરીર સાથે માનસપટલ પણ જોડાયેલું હોય છે એ પણ વાંચી લેવામાં આવે છે કે તમારી વૃત્તિઓ કેવી છે. તમારી અતૃપ્ત ઈચ્છાઓ વાસનાઓ વગેરેની પણ નોંધ લેવાય છે અને એ પ્રમાણે ફરી જન્મ આપી દેવો કે સૂક્ષ્મ જગતમાં આત્માને થોડો સમય આપવો વગેરે નક્કી કરવામાં આવે છે."

"અનેક જન્મનાં સંચિત કર્મોનો આખો રેકોર્ડ હોય છે અને એ જ પ્રમાણે એનો જન્મ થયેલો હોય છે. આ જન્મમાં સારાં કર્મો કરીને કે દુઃખ ભોગવીને પાછલાં કર્મોનો ક્ષય થયેલો છે કે કેમ તે તમામ બાબતો જોવામાં આવે છે. આ બધી બાબતો ખૂબ જ જટિલ હોય છે અને તે સંપૂર્ણપણે શબ્દોમાં સમજાવી શકાય તેમ નથી."

"ન્યાય આપનાર એ દિવ્ય મહાત્માઓ પાસે એક અલગ દૃષ્ટિ હોય છે આત્માને પારખવાની એટલે બરાબર યોગ્ય ન્યાય એ મહાત્માઓ આપતા હોય છે. સૂક્ષ્મ આત્માની ફરી જન્મ લઈને ખરાબ કર્મો સજારૂપે ભોગવી લેવાની ઈચ્છા હોય તો એને એક તક આપવામાં આવે છે અને એ સૂક્ષ્મલોકમાં જ રહેવાની ઈચ્છા રાખતો હોય તો એ પ્રમાણે જ જે તે લોકમાં મોકલવામાં આવે છે."

**"સ્વામીજી સૂક્ષ્મ શરીર વિશે થોડુંક વધારે જાણવાની ઈચ્છા છે."**

"જુઓ સૂક્ષ્મ શરીર નાની-નાની સફેદ વાદળીઓ જેવું હોય છે, તેનો કોઈ ચોક્કસ આકાર હોતો નથી. સૂક્ષ્મ શરીર કોઈપણ આકાર લઈ શકે છે અને આરપાર પણ જઈ શકે છે. શરીરમાંથી આત્મા છૂટો પડે ત્યારે તેને આપણે જોઈ શકતા નથી કારણ કે આપણી આંખોની એક મર્યાદા હોય છે."

"અગરબત્તીમાંથી ધુમાડો નીકળે ત્યારે શરૂઆતમાં આપણે એ ધુમાડાને જોઈ શકીએ છીએ પરંતુ જેમ-જેમ તે સૂક્ષ્મ થતો જાય તેમ તેમ આપણી દૃષ્ટિમાંથી તે બહાર જતો જાય છે. તેનું અસ્તિત્વ છે અને સુગંધ સ્વરૂપે આપણે અનુભવ પણ કરીએ છીએ છતાં તે દૃષ્ટિની મર્યાદાથી દૂર છે. વરાળ પણ જ્યારે અતિસૂક્ષ્મ

બની જાય ત્યારે આપણે જોઈ શકતા નથી. આત્માનું પણ એવું જ સમજવું.

"જેટલો આત્મા પવિત્ર હોય એટલો તે વધુ સફેદ અને પ્રકાશમય હોય અને પાપકર્મોથી ઘેરાયેલો આત્મા કાળી વાદળી જેવો હોય છે.'

"સૂક્ષ્મ શરીર કર્મોના ભારથી વીંટળાયેલું હોય છે. પાપકર્મો ગુરુત્વાકર્ષણ બળની જેમ સૂક્ષ્મ શરીરને પૃથ્વી તરફ ખેંચવા પ્રયત્ન કરે છે એટલે આ કર્મોનો ભાર જેટલો વધારે તેમ આત્મા ઊંચી ઉડાન કરી શકતો નથી. પાપકર્મોના બંધનથી આત્મા જેટલો હલકો તેમ તેમ તે ઉપરના લોક સુધી ગતિ કરી શકે છે."

"સૂક્ષ્મ શરીર આકાશ, વાયુ અને પ્રકાશ તત્ત્વોથી બનેલું હોય છે અને એ વાયુ સ્વરૂપ હોય છે પણ તેની તરંગ લંબાઈ વધુ સૂક્ષ્મ હોવાથી આપણી દૃષ્ટિથી તે જોઈ શકાતું નથી, જેમ હવામાં રહેલો ભેજ આપણે જોઈ શકતા નથી તેમ. સૂક્ષ્મ શરીર વાતાવરણમાંથી પ્રકાશ અને જળ તત્ત્વની એનર્જી પ્રાપ્ત કરીને ક્યારેક પોતાનો આભાસ કરાવી શકે છે જેને આપણે ભૂત કે પ્રેત કહેતા હોઈએ છીએ."

"સૂક્ષ્મ શરીર ઉંમરથી પર હોય છે. વૃદ્ધાવસ્થામાં મૃત્યુ થાય તોપણ સૂક્ષ્મ શરીર યુવાન અવસ્થા જેવું બહાર આવે છે. પરંતુ તે ધારે તે સ્વરૂપ ધારણ કરી શકે છે. સૂક્ષ્મ શરીરને કોઈપણ જાતની પીડા થતી નથી અને તે કોઈ પણ સ્થૂળ પદાર્થમાંથી આરપાર જઈ શકે છે."

"પોતાના કુટુંબના કોઈપણ નજીકના સ્વજનનું મૃત્યુ થવાનું હોય તો તેની અગાઉથી જાણ સુક્ષ્મ શરીરને એટલે કે આત્માને કરવામાં આવતી હોય છે. એટલે મૃત્યુ સમયે કેટલાક આત્માઓ મૃત્યુ પામનાર સ્વજનની પાસે હાજર રહેતા હોય છે."

"સ્વામીજી એક સવાલ પૂછવાનું મન થાય છે. આપણાં શાસ્ત્રોમાં ધ્રુવલોક, સૂર્યલોક અને ચંદ્રલોકની વાત છે તો આ લોક કયા કયા છે?"

"જુઓ ધ્રુવલોકની તો મેં શરૂઆતમાં જ ચર્ચા કરેલી છે. પાંચમા લોકથી શરૂ કરીને સાતમા લોક સુધી સૂર્યલોક કહેવાય છે અથવા આત્મલોક કહેવાય છે જ્યાં માત્ર આત્માનું જ અસ્તિત્વ છે. મનનું કોઈ અસ્તિત્વ નથી. જ્યારે એક થી ચાર લોક ચંદ્રલોક કહેવાય છે. જ્યાં મનનું અને ઇચ્છાઓનું અસ્તિત્વ છે."

'વિશ્વના સંપૂર્ણ મનોજગત ઉપર ચંદ્રનું આધિપત્ય છે. એટલે જ્યાં સુધી જીવ ઇચ્છા ધરાવે છે, થોડી ઘણી પણ વાસના છે ત્યાં સુધી તે સૂર્યલોકમાં એટલે કે પાંચમા લોકમાં પ્રવેશ કરી શકતો નથી. સંપૂર્ણ આત્મસ્થ સ્થિતિ પ્રાપ્ત થાય, નિર્વિચાર સ્થિતિ પેદા થાય ત્યારે જ તે સૂર્યલોકમાં ગતિ કરી શકે છે."

"સૌથી પહેલા ચાર લોક ચંદ્રલોકમાં વહેંચાયેલા છે. આ ચાર લોક કુલ સોળ ભાગમાં વહેંચાયેલા છે. દરેક ભાગને કળા કહેવામાં આવે છે. કળા એટલે વિભાગ અથવા ઝોન ! આ સોળ કળા આપણી સોળ તિથિઓ સાથે જોડાયેલી છે.

એક થી ચાર લોકમાં કર્મ પ્રમાણે ગમે ત્યાં ગતિ થાય પણ એ ગતિ મૃત્યુની તિથિ મુજબ થતી હોય છે. માનો કે શુક્લ પક્ષ કે કૃષ્ણ પક્ષની સાતમના દિવસે મૃત્યુ થાય તો બીજો જન્મ ના થાય ત્યાં સુધી સાતમી કળામાં જીવને રહેવાનું થાય છે."

"આપણા શાસ્ત્રોમાં શ્રાદ્ધ પક્ષનું ખૂબ જ મહત્ત્વ છે. શ્રાદ્ધ પક્ષ એ પિતૃલોક માટે એટલે કે ચંદ્રલોક માટે એક વેકેશન જેવો સમય છે. તમામ આત્માઓને આ સોળ દિવસ દરમિયાન મૃત્યુની તિથિ પ્રમાણે પૃથ્વી ઉપર જઈને પોતાના સ્વજનોને જોવાની સ્વતંત્રતા મળે છે. કોઈપણ જાતના ભોગ તે આ સમયમાં આરોગી શકે છે."

"જે તિથિમાં મૃત્યુ થયું હોય એ તિથિ શ્રાદ્ધ પક્ષમાં જ્યારે પણ આવે ત્યારે જે તે જીવને શ્રધ્ધા નામના માર્ગે પૃથ્વી ઉપર જવા માટે રજા આપવામાં આવે છે."

"મૃત્યુ પામેલા દરેક જીવોને જે તિથિમાં મૃત્યુ થાય તે જ તિથિની કળામાં મોકલવામાં આવે છે પરંતુ જે લોકોનું ગોળીબાર જેવાં શસ્ત્રોથી મૃત્યુ થાય કે અગ્નિમાં સળગી જવાથી, પાણીમાં ડૂબી જવાથી કે અકસ્માતથી અચાનક મૃત્યુ થાય એ તમામ જીવોને ભલે ગમે તે તિથિમાં મૃત્યુ પામ્યા હોય તોપણ તેમને ચૌદમી કળામાં જ મોકલવામાં આવે છે. આત્મહત્યા કરી લેનારા પણ ચૌદમી કળામાં જ જાય છે."

"એટલે આ રીતે જેમનું પણ કુદરતી મૃત્યુ ના થયું હોય એ તમામ જીવાત્માઓને ચૌદમી કળામાં મોકલવામાં આવે છે. જો કોઈ વ્યક્તિનું કુદરતી મૃત્યુ ચૌદશના દિવસે થયું હોય તો એને અમાવસ્યાની સોળમી કળામાં મોકલવામાં આવે છે. કારણ કે પંદરમી કળા પૂનમના દિવસે જે લોકોનું મૃત્યુ થયું હોય એમના માટે છે. ચૌદમી કળા માત્ર અને માત્ર અપમૃત્યુ થનારા પીડિત આત્માઓ માટે રિઝર્વ છે એમ સમજવું. જે લોકોએ સંસાર છોડી સંન્યાસ લીધો હોય એમને બારમી કળામાં મોકલવામાં આવે છે."

"શ્રાદ્ધનો છેલ્લો અમાવસ્યાનો દિવસ તમામ આત્માઓ માટે મુક્તિનો દિવસ ગણાય છે. એમને પૃથ્વી ઉપર ગમે ત્યાં ફરવાની અને સ્વજનોને મળવાની આઝાદી આપવામાં આવે છે. એટલે જ એને સર્વપિતૃ અમાવાસ્યા કહેવામાં આવે છે."

"સનાતન હિંદુ ધર્મને માનનારાઓએ તમામ સોળ શ્રાદ્ધ પિતૃઓનું તર્પણ કરવું જોઈએ અને મૃત સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના અથવા વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ અને પિતૃઓને અર્પણ કરવો જોઈએ."

"આસો મહિનો શરૂ થાય ત્યારે સૂર્ય તુલા રાશિમાં ગતિ કરે છે અને તુલા રાશિ સૂર્યની નીચ રાશિ છે એટલે પૃથ્વી ઉપર આત્મતત્ત્વ અથવા પ્રાણતત્ત્વ ખૂબ જ નબળું પડે છે એટલે જ આસો મહિનો શરૂ થતાં જ પ્રાણતત્ત્વ અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે જગદંબાની સાધના નવરાત્રિમાં કરવામાં આવે છે."

"સૂર્ય તુલા રાશિમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તે પાતાળલોકમાં પ્રવેશ કરે છે અને

અધોલોકમાં રહેલા પ્રેતાત્માઓને ઊર્જા આપે છે. આસો માસની કૃષ્ણ પક્ષની ચૌદશ અને અમાસ દરમિયાન ચંદ્ર પણ ક્ષીણ અવસ્થામાં હોવાથી તમામ પ્રેતાત્માઓ સ્વતંત્ર થઈને પૃથ્વી ઉપર બહાર આવે છે. એટલે જ કાળીચૌદસના દિવસે મહાકાલીની રક્ષા માંગવામાં આવે છે અને દિવાળીના દિવસે દીવડા પ્રગટાવી અને ફટાકડા ફોડી અગ્નિની ઊર્જા ફેલાવવામાં આવે છે."

"અદ્ભુત જાણકારી મળી. સ્વામીજી આટલી બધી સૂક્ષ્મ માહિતી તો કોઈ જાણતું જ નથી. સોળ તિથિનો, ચંદ્રની સોળ કળાઓ સાથેનો સંબંધ આપશ્રીએ સમજાવ્યો તે અદ્ભુત છે." પુષ્કરભાઈએ કહ્યું.

"સ્વામીજી આપણા હિન્દુ ધર્મમાં મૃત્યુ પછી શબને અગ્નિદાહ આપવામાં આવે છે જ્યારે કેટલાક ધર્મોમાં શબને જમીનમાં દાટવામાં આવે છે તો આ બધી અલગ-અલગ પરંપરાથી સૂક્ષ્મ દેહને કોઈ ફરક પડે છે ખરો?" મેં પૂછ્યું.

"ઘણો ફરક પડે છે. સૂક્ષ્મ શરીર એટલે કે મૃતાત્મા જમીનની અંદર દાટેલા પોતાના મૃતદેહને જોઈ શકે છે. જમીનની અંદર પ્રવેશી પણ શકે છે. એટલે છોડી દીધેલા શરીરનો મોહ જલદી છૂટતો નથી અને પ્રેતાત્મા જલદી ઉપર જઈ શકતો નથી અને શરીરની આસપાસ ભટક્યા કરે છે.

"શરીરને અગ્નિદાહ આપીને ભસ્મ કરી દેવામાં આવે તો દેહનું કોઈ અસ્તિત્વ જ રહેતું નથી એટલે મૃતાત્મા જલદીથી ઉપર ગતિ કરી શકે છે. હિન્દુ ધર્મની અગ્નિદાહ આપવાની પરંપરા આત્માની ઉચ્ચ ગતિ અને મોક્ષપ્રાપ્તિ માટે શ્રેષ્ઠ ગણાય છે."

"સ્વામીજી વ્યક્તિ મૃત્યુ પામી જાય પછી કેટલાં વર્ષ પછી ફરી જન્મ લે છે?"

"ફરી જન્મ લેવા માટે કોઈ નિશ્ચિત સમય હોતો નથી. ક્યારેક બે-ત્રણ વર્ષમાં પણ જન્મ થાય તો ક્યારેક સો-બસો વર્ષ પણ નીકળી જાય. પાપકર્મો વધારે હોય તો જલદી જન્મ થાય છે કારણકે એ પાપકર્મોના ભોગવટા માટે જન્મ લેવો જ પડે છે."

"દરેક આત્મા પોતાનાં કર્મો પ્રમાણે યોગ્ય મા-બાપની પસંદગી કરે છે અને પછી જ ગર્ભમાં પ્રવેશ કરે છે. પોતે કરેલાં પાપકર્મોની સજારૂપે નવા જન્મમાં કયા કયા દુઃખો સહન કરી લેવાં એ પણ આત્મા પહેલેથી જ નક્કી કરીને નવો જન્મ ધારણ કરે છે પણ જન્મ ધારણ કર્યા પછી એ બધું ભૂલી જાય છે એટલે વધુ દુઃખી થાય છે અને ભગવાનને દોષ દે છે."

"સ્વામીજી મેં એવું સાંભળ્યું છે કે કોઈ વ્યક્તિની પાછળ શ્રીમદ્ ભાગવત કથા બેસાડવાથી એ જીવ મુક્તિ પામે છે એ સાચું છે?" મેં પૂછ્યું.

"મૃત્યુ પામ્યા પછી જીવ તમામ શારીરિક વેદનાથી મુક્ત હોય છે પણ ખરાબ કર્મો કર્યા હોય કે વાસનાઓ રહી ગઈ હોય ત્યારે માનસિક

રીતે એ ખૂબ જ વ્યથિત હોય છે. ઈશ્વરનું સ્મરણ ચિંતન જ સૂક્ષ્મલોકમાં શાંતિ આપી શકે છે. મૃત્યુ પછી દરેક મૃતાત્મા પોતાનાં કર્મો માટે પસ્તાતો હોય છે. એને શાંતિ મળતી નથી ત્યારે ભગવાનનું નામ અને પ્રાર્થના એને ખૂબ જ સારાં લાગે છે."

"કોઈ વ્યક્તિના મૃત્યુ પછી એના આત્માને આવાહન કરીને જો સાત દિવસની ભાગવત કથા બેસાડવામાં આવે અને કથાકાર પણ પૂર્ણ ભાવથી ભાગવત કથા કરે તો એ મૃતાત્મા ખૂબ જ ધ્યાનથી સાંભળે છે અને એને પરમ શાંતિ પણ મળે છે. એનું પ્રાયશ્ચિત થાય છે અને ઈચ્છાઓ અને વાસનાઓથી મુક્ત થઈને એ ઊર્ધ્વગતિ કરી શકે છે."

"સ્વામીજી ઘણીવાર ગર્ભમાં જ કોઈ બાળક મૃત્યુ પામે, ઘણી વાર ત્રણ મહિનાનું બાળક મૃત્યુ પામે, ઘણી વાર સાત આઠ વર્ષે મૃત્યુ થાય તો મૃત્યુ પછી આવાં બાળકોનું શું? એમની કોણ સંભાળ રાખે?" પુષ્કરભાઈ એ સવાલ કર્યો.

"સૌથી પહેલાં તો એક વાત સમજી લો કે તમામ અવસ્થાઓ માત્ર પૃથ્વી ઉપર જન્મ લીધા પછી પ્રાપ્ત થાય છે. મૃત્યુ પછીના આત્મ જગતમાં કોઈ અવસ્થા હોતી નથી. ત્યાં બાળક યુવાન પ્રૌઢ વૃદ્ધ જેવું કંઇ હોતું નથી. આત્મા એટલે માત્ર આત્મા. હા, એ વાત સાચી છે કે સૂક્ષ્મ જગતમાં તમે કોઈપણ સ્વરૂપે રહી શકો છો. તમારી મરજી મુજબનું રૂપ ધારણ કરી શકો છો."

"સૂક્ષ્મ જગતમાં મેં બાળકોને રમતાં પણ જોયાં છે. પરંતુ એ મૃત્યુ પામેલાં બાળકો નહોતાં. એમની સાથે રહેતા એક દિવ્ય આત્માને મેં બાળકો વિષે પૂછેલું તો એમણે કહ્યું કે હકીકતમાં આ બાળકો નથી પરંતુ કેટલાક આત્માઓ જ્ઞાનશાળામાં બાળકો તરીકે બેસવાનું પસંદ કરે છે તો કેટલાક આત્માઓ પોતાના પૂર્વ જીવનને યાદ કરી બાળક બનીને રમતો રમતાં હોય છે."

"અભ્યાસ પૂરો થાય કે રમતો પૂરી થાય એટલે આ બધાં બાળકો પાછાં પોતાના મૂળ સ્વરૂપમાં આવી જશે. મૂળ સ્વરૂપમાં કોઈ જ આકાર હોતો નથી. નાની નાની સફેદ વાદળીઓ જેવું સૂક્ષ્મ સ્વરૂપ દેખાતું હોય છે. જેટલો આત્મા શુદ્ધ એટલો તે પ્રકાશમય દેખાતો હોય."

"અને જ્ઞાનશાળામાં માત્ર ઈશ્વર વિશેની જ ચર્ચા થતી હોય છે. આત્માની ઉન્નતિના માર્ગો બતાવવામાં આવે છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે સૂક્ષ્મ જગતમાં અમુક લેવલના આત્માઓ માટે આ જ્ઞાનશાળામાં ઉપનિષદો અને ગીતાના પાઠ ભણાવવામાં આવે છે. એનાં રહસ્યો સમજાવવામાં આવે છે."

"આ તો ખરેખર માની જ ના શકાય એવી વાતો છે !! બહુ મજા આવી સ્વામીજી. આપનો ખૂબ ખૂબ આભાર ! આજે આપના સત્સંગથી અમારી ઘણી બધી જિજ્ઞાસા સંતોષાઈ ગઈ

(ક્રમશઃ)

## (૬) માર્ગત્રયનું ઐક્ય

નગીનદાસ ગોકળદાસ મહેતા

ભક્તિમાર્ગ, વેદાંતમાર્ગ, યોગમાર્ગનું ઐક્ય

મુંબઈથી કોલાબા સુધીના માર્ગની લંબાઈ તો સરખી જ છે. તેની વચમાં સો સ્ટેશન રાખવા કે સવાસો એ કંપનીની મરજી છે. સો સ્ટેશન રાખીએ તો તે જ અંતરના સો ભાગ કરવાના છે અને સવાસો રાખીએ તોપણ તેટલા જ અંતરના સવાસો એટલે કે જરા નાના ભાગ કરવાના છે. તેથી કંઈ મૂલ ગન્તવ્ય માર્ગની લંબાઈમાં ભેદ પડતો નથી તેવી રીતે જીવનું જીવત્વનું સ્ટેશન તે અમદાવાદ છે, જ્યાંથી સર્વે જ્ઞાનભક્તિની મુસાફરી કરવાની ઈચ્છાવાળાની મુસાફરીનો આરંભ થાય છે. પ્રવાસનો આરંભ જીવપદથી છે, અને પરમાત્મપદ એ આ પ્રવાસનું કોલાબા ટર્મીનસ એટલે અંતિમ ચરમ ગન્તવ્ય સ્થાન છે. અમદાવાદ એ પણ જીવન તરફથી સીમા અથવા ટર્મીનસ છે. જેથી આ બંને સીમા અથવા ટર્મીનસમાં તો વિવાદ જ નથી. મધ્યે જે ભૂમિકાના ભેદ પાડેલા છે તે ભિન્ન ભિન્ન વિચારથી પાડેલા છે. પરંતુ વસ્તુતઃ તે સર્વ એક જ ગન્તવ્ય માર્ગનું વર્ણન કરે છે. વેદાન્તનો વિચારપ્રધાન માર્ગ, યોગ માર્ગ અને ભક્તિ માર્ગ એ ત્રણ શબ્દો ભિન્ન ભિન્ન છે. તેથી ઘણાના સમજવામાં એમ છે કે એ ત્રણ પારસી, મુસલમાન અને હિંદુના જેવા ત્રણ પરસ્પર વિરુદ્ધ અથવા અત્યંત ભિન્ન પ્રકારના માર્ગ હશે, પરંતુ વસ્તુવિચારથી તેમ નથી. એ સર્વ એક જ માર્ગનાં ત્રણ નામ છે; તથા શ્રવણ, મનન, નિદિધ્યાસન; ધારણા, ધ્યાન, સમાધિ, તથા શ્રવણ કીર્તન આત્મનિવેદનાદિ સંજ્ઞાથી ઓળખાતાં સાધનો તથા તે સાધવાથી થતી અંતઃકરણની સ્થિતિ કંઈ ભિન્ન ભિન્ન રૂપરંગની હશે એમ માનવાનું નથી. પણ સર્વથી થતી ક્રિયાનાં સ્વરૂપ એક જ છે. માત્ર અધિકારી સાધકોની બાહ્ય સ્થિતિ શરીરારંભક સંસ્કારોના ભેદને લીધે ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે; તે ભિન્ન બાહ્ય સ્થિતિને તથા ભિન્ન અંતઃકરણ ઉપાધિને પણ એક જ પ્રાપ્તવ્ય સ્થિતિ પ્રાપ્ત કરવાની હોવાથી, વિદ્વાનોએ તેમને માટે ભિન્ન જણાતાં બાહ્ય સાધનો યોજ્યાં છે. તેથી ભિન્ન ગણાતા ત્રણ માર્ગોનાં બાહ્ય સાધનો અધિકાર ભેદથી ભિન્ન દેખાય એવાં છે, યદ્યપિ તેમનાં સાક્ષાત્ તથા પરિણામી આંતરફળો તો સમાન જ છે. આ ભેદો માત્ર સાધક બહિર્મુખવૃત્તિથી જે સાધનો સાધે છે તેમાં જ છે. બાહ્ય સાધનોના અભ્યાસથી જ્યારે સાધકની વૃત્તિ અંતર્મુખ થાય છે, ત્યારે પછીનો આંતર પ્રવાસ ત્રણે માર્ગનો સમાન છે.

આપણે ઉપર કહી જ ગયા છીએ કે આ ભક્તિ અથવા ઉપાસનામાર્ગના બાહ્યોપાસના અને આંતરોપાસના એવા ભેદ પડે છે. તેમાં બાહ્યોપાસનાનાં સાધનો જ ભિન્ન જણાય એવા છે, નહિ તો આંતરોપાસનાનાં સાધનો તો ઇતર માર્ગોનાં સદૃશ સાધનોથી કોઈપણ પ્રકારે વસ્તુતઃ ભિન્ન નથી. આ ભક્તિમાર્ગ પ્રેમપ્રધાન છે, એ ખરું છે. પરંતુ ધ્યાન અથવા નિદિધ્યાસન પણ

ઈષ્ટ સ્વરૂપ વિષે અન્યૂન પ્રેમરૂપ જ છે. ન્યૂન પ્રેમથી અને યોગ્ય પ્રેમ પ્રકટ થયા વિના એ સાધનો પણ સધાતાં નથી જ. તેથી આંતરોપાસનાના આરંભથી આ ભક્તિમાર્ગ ઈતર માર્ગોથી અભિન્ન છે.

જીવપદથી શિવપદ પર્યંતનો પ્રવાસ

આ નિશ્ચય અધિક સ્પષ્ટ કરવા માટે આપણે આ સ્થળે ભક્તિ અથવા ઉપાસનાનું સ્વરૂપ લક્ષણ જરા સ્પષ્ટ કરીશું.

જીવ અને શરીરના સંયુક્ત પદાર્થને આપણે મનુષ્ય કહીએ છીએ. તેમાં અનેક જન્મમાં શરીરો નવાં નવાં બદલાતાં રહે છે. જીવ ઉપાધિમાં પણ પુણ્યપાપ સંસ્કારાનુસાર ફેરફાર તો થતા રહે છે. તથાપિ તેમના ગુરુત્વમધ્યબિંદરૂપ મૂળ જીવત્વનો અભિમાનધારક અણુ કાયમ સરખો રહે છે; તેથી અનેક સૂક્ષ્મ ફેરફારો છતાં જીવન કાયમ રહે છે, એમ આપણે ગણીએ છીએ. એ જીવન પણ પ્રકૃતિના અણુમાં ચૈતન્યનો પ્રકાશ પડવાથી પ્રકટતી દીપજ્યોતિરૂપ અહમ્ સ્ફુરણ છે. એ વિના કાંઈ નથી. તેથી પુરુષ અને પ્રકૃતિના સંયોગમાંથી પ્રકટતા તૃતીય કાર્યરૂપ અહમ્ગ્રંથિ એ જીવ છે. એ અહમ્ગ્રંથિમાં અવિદ્યા માયાનો એવો કોઈ આકર્ષણ કરવાનો સ્વભાવ છે કે જેના બલથી મન બુદ્ધિ તથા ઇંદ્રિયો આદિના મૂલ અણુઓ આકર્ષાઈને ભેગા થઈ જાય છે. તથા જેને આપણે અંતઃકરણ સામગ્રી અથવા લિંગશરીર, સૂક્ષ્મશરીર કહીએ છીએ તે બંધાય છે. જ્યાં સુધી આ અહમ્રૂપ દીપક પ્રકૃતિના અભિમાનધારક અનુરૂપ કોડિયામાં પ્રજળે છે ત્યાં સુધી અનેક ફેરફાર થતાં પણ સૂક્ષ્મ શરીર અથવા અંતઃકરણ સામગ્રી બની રહે છે અને ત્યાં સુધી સ્થૂલ શરીર અથવા અંતઃકરણ સામગ્રી બની રહે છે અને ત્યાં સુધી સ્થૂલ શરીરો ધારણ કરતા રહેવાનો તથા અસંખ્ય પ્રકારનાં સુખદુઃખ સહન કરવાનો ક્રમ ચાલુ રહે છે. ઈશ્વરાભિમુખ સાધક ઉપાસકના આખા આયુષના પ્રયત્નનો પ્રધાન આશય એ હોય છે કે આ દુઃખોત્પાદક યંત્રનો કોઈપણ પ્રકારે નાશ કરવો એટલે તેનું પૃથક્કરણ કરી તેનાં કારણોમાં લય કરવો. સૂક્ષ્મ શરીરનું જો પૃથક્કરણ થઈ જાય એટલે તેના અવયવોને છૂટા પાડી તેમને પોતપોતાના કારણસમૂહમાં મોકલી દેવાય તો સૂક્ષ્મ શરીર જ ન રહેવાથી તેની સ્થૂલ શરીરો રચવાની આકર્ષણશક્તિ નાશ પામે; એટલે તે પણ કારણાકાર થાય. પરંતુ જ્યાં સુધી અભિમાનધારક અણુમાં અહમ્ જ્યોતિ પ્રકટ છે, ત્યાં સુધી સૂક્ષ્મ શરીરના અવયવો છૂટા પડી શકે એમ નથી. તેથી શુદ્ધ ચૈતન્યના પ્રતિબિંબરુપ એ અહમ્ જ્યોતિ પોતાના મૂળસ્વરૂપમાં શમાઈ જાય, અને પ્રકૃતિનું કોડિયું ખાલી થાય, તો જ એમાં રહેલી આકર્ષણશક્તિ પણ અદષ્ટ થાય અને ત્યારે જ સુક્ષ્મશરીરના અવયવોને આકર્ષી સંયુકત રાખનાર કોઈ સત્તાના અભાવે એ અંતઃકરણ સામગ્રી વીખરાઈ જાય છે અને સમગ્ર દુઃખનો અંત આવે છે. તેથી પ્રતિબિંબરૂપ અહમ્ જ્યોતિને બિંબરૂપ શુદ્ધ ચૈતન્યમાં સમાવવી એ પ્રધાન કર્તવ્ય છે, જીવપદ ઉપરથી શિવપદમાં આવવું તે પણ એ જ છે.

'સ્મરણભક્તિ' પૃ.૩૭-૪૦

## (૭) સૂર દ્વારા સ્વાસ્થ્ય

ઈન્દુભાઈ રોશનિયા

કયાંક નીચે લખેલ પંક્તિઓ વાંચી છે.

સંગીત હૈ શક્તિ ઈશ્વરકી, હર સૂરમેં બસે હૈં રામ,

રાગી જો સુનાયે રાગિનિ, રોગીકો મિલે આરામ.

આપ સમજી ગયા હશો કે સૂર દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય છે અને જાળવી શકાય છે. શી રીતે! સારેગમપધનિસા એ સાત સૂરો છે અને એમાંથી સંગીત પ્રગટે છે. મોરનો ટહુકાર કે કેકારવ અને કોયલનો  ટહુકાર એ સૂર દ્વારા પ્રગટ થતું સંગીત છે. સૂર, શબ્દ અને તાલનો સુમેળ એટલે સંગીત. સૂરોમાંથી રાગરાગિણીઓનું નિર્માણ થાય છે. આ શાસ્ત્રીય રાગો સાંભળવાથી કે શીખવાથી સ્વાસ્થ્ય પર તેની અસર થાય છે. રોગીને આરામ મળે છે. મારે એ ધ્યાન દોરવું છે. માત્ર સંગીત થેરાપી દ્વારા રોગોને દૂર કરી શકાય છે એવા ભ્રમમાં રહેવું જોઈએ નહિ. આહાર વિહાર અને જીવનશૈલીમાં પણ ફેરફાર કરવા જોઈએ. આ એક વૈકલ્પિક થેરાપી છે. દવાઓના ડોઝ ઘટાડી શકાય. દર્દ હળવા થઈ શકે. શું આપને સંગીતનો શોખ છે ? જો હા હોય તો તમને મનગમતું શાસ્ત્રીય રાગ પર આધારિત સંગીત સાંભળો. મનને માણવું ગમે અને હૃદયને સ્પર્શે એવું સંગીત આવા સંગીતમાં શાસ્ત્રીય રાગ પર આધારિત જૂનાં ફિલ્મીગીતો, ભજનો તથા વાદ્યસંગીતનો સમાવેશ થઈ શકે છે.

બચપણમાં માતાઓ માત્ર હલૂલૂ...હાં....હાલરડાં ગાઈને બાળકોને મીઠી નિંદરમાં સૂવડાવી દેતી. આજના આધુનિક યુગમાં પણ ઘણાં બાળકો હનુમાન ચાલીસાની કેસેટ સાંભળતા સાંભળતા સૂઈ જાય છે. આ ટી.વી.ના યુગમાં જન્મેલ બાળકોના મન અત્યંત ચંચળ થાય છે. ભણતરમાં તનાવ પણ વધ્યો છે. આપનાં બાળકોને કોઈપણ માધ્યમ દ્વારા સ્વાસ્થ્યપ્રદ સંગીત સાંભળવાની ટેવ પાડો અને એ પણ નિયત સમયે. ભોજન કરાવતી વખતે બાળકોને ટી.વી. થી દૂર રાખી જમતાં જમતાં સ્વાસ્થ્યપ્રદ સંગીત સંભળાવો. તેઓ તણાવમાંથી મુક્ત બની શાંત બનતા જશે. હવે રાગ એટલે શું તે જોઈએ. રંજયતિ ઈતિ રાગ. જે આનંદ આપે તે રાગ કહેવાય. શાસ્ત્રીય રાગ પર આધારિત બિસ્મિલ્લા ખાનની શહનાઈ અને તબલાની જુગલબંધી સાંભળી છે ? અને તેમાંય શરણાઈ પર ભૈરવી ઠુમરી વાગતી હોય તો નાચવાનું મન થાય. લગ્નની રિસેપ્શન પાર્ટીમાં શરણાઈ કે સંતુરના સૂર છેડાતા હોય તો ભોજનની મજા કાંઈ ઑર આવે. જૂનાં ફિલ્મીગીતો જૂની અને નવી પેઢી બંન્નેને ગમે છે કેમ ? કારણ કે આ ગીતો શાસ્ત્રીય રાગ ઉપર આધારિત હોવાથી સંવેદના સર્જી શકે છે.

ગુજરાતી શાસ્ત્રીય સંગીતકાર - ગાયક - પંડિત ઓમકારનાથ ઠાકુર ઈટાલીના પ્રવાસે ગયેલા ત્યારે ઈટાલીના સરમુખત્યાર મુસોલિનીનો અનિંદ્રાનો રોગ પંડિતજીના શાસ્ત્રીય ગાયનથી દૂર થયેલ. (રાગ-પીલુ સંભળાવેલ) જો લોકોને રાત્રે ઓછી ઊંઘ આવતી હોય તેમણે રાગ ''પીલુ'' કોઈપણ સ્વરૂપે સાંભળવો. ''ઢૂંઢો ઢૂંઢો રે સાજના ઢૂંઢો કાનકા

બાલા" "મુરલી બૈરન ભઈ રે કનૈયા તોરી" આ બે જાણીતા ફિલ્મીગીતો રાગ 'પીલુ' પર આધારીત છે. તે સાંભળવા જોઈએ. સંગીતના જાણકાર પાસેથી પોતાના રોગ માટે રાગ કે કયો તાલ સાંભળવો તે જાણી તેને નિયમિત સાંભળવાથી રોગમાં રાહત રહેશે.

'રાગો સે રોગો તક' એક કોઠો ઉપલબ્ધ થયો છ જે લીમ્કા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રમાણિત છે.

| **રોગનું નામ** | **રાગ** | **નમૂનાનું ગીત** | **ફીલ્મ** |
|---|---|---|---|
| ચર્મરોગ | દેશ | હમ તેરે પ્યાર મેં | દિલ એક મંદિર |
| એસીડીટી | કલાવતી | કોઈ હમદમ ન રહા | ઝૂમરુ |
| તાવ | માલકૌંસ | મન તડપત હરિદર્શન | બૈજુબાવરા |
| ગભરામણ | અહિરભૈરવ | મેરી બીના તુમ બીન | દેખ કબીરા રોયા |
| હાઈપરટેન્શન | ભૈરવી | તૂં ગંગાકી મોજ મેં | બૈજુ બાવરા |
| હૃદયરોગ | શિવરંજની | જરા સામને તો | જનમ જનમ કે ફેરે |
| અનિંદ્રા | પીલુ | અજહુ ન આયે બાલમા | સાંજ ઔર સવેરા |
| હાઈ બ્લડપ્રેશર | અહિરભૈરવ | સોલહ બરસકી બાલી ઉમરિયા | એક દૂજે કે લિયે |

આ રીતે આવા રાગોના ગીત શોધી તેને સાંભળવાથી રોગોમાં આરામ મળી શકે છે. આ થેરાપી લાંબા સમય સુધી કરવી જરૂરી છે.

વધુ જાણકારી માટે મો. ૯૮૭૯૪૧૫૧૫૪ પર સંપર્ક કરી શકાશે.

## ગયેલા આત્માને....

(૧) અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના ભક્ત પરિવારના મોભી શ્રી જીતેન્દ્રભાઈ હંસરાજભાઈ સરવૈયા ઉ.વ.૬૩, તા.૧.૮.૨૦૨૪ ના રોજ ગોલોકધામવાસી થયેલ છે. આ પરિવાર પૂ.શ્રીમોટા પ્રેરીત નામસ્મરણ-ધૂનમાં હંમેશા અગ્રેસર રહેતો.

(૨) નરોડાનિવાસી પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન સુશીલાબહેન મનુભાઈ પટેલ (દેહદાતા) તા.૩-૮-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે. તેઓશ્રી ભજનપ્રેમી તથા ડાકોર પદયાત્રામાં હંમેશા ભાગ લેનાર તથા શ્રીરણછોડજી મંદિર નરોડાના ભજનમંડળના સક્રિય કાર્યકર્તા હતા.

પૂ.શ્રીમોટા ઉપરોકત બંનેનું યશ-કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના... -સંપાદક


## જાહેર વિનંતીનો પ્રતિભાવ...

અગાઉ છ માસના 'હરિભાવ' માં કરાયેલી કોર્પસફંડ અંગેના દાન-ભેટની વિનંતીના પ્રતિભાવરૂપે તા.૨૦.૦૮.૨૦૨૪ સુધીમાં કુલ રૂા.૨૬,૮૬,૬૧૧/- (અંકે રૂપિયા છવ્વીસ લાખ છયાસી હજાર છસો અગિયાર પૂરા) ની ભેટ મળેલ છે. **કોર્પસ દાન-ભેટ લેવાનું ચાલુ જ છે. બંધ કરેલ નથી.**

-સંપાદક

# (૮) પુસ્તક પરિચય

ટ્રસ્ટી મંડળ-સુરત આશ્રમ



<u>પુસ્તક પરિચય</u> :

**"શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વ દર્શન"**

પેજ: ૩૩૬, પાકું પૂઠું, ૧૬ ફોટોગ્રાફ્સ સહિત

કિંમત રૂપિયા ૫૦/-

પૂ. સંત શ્રીમોટાની તીવ્ર ઈચ્છા હતી કે પ્રભાશંકરભાઈ પટ્ટણીનું જીવન ચરિત્ર પ્રગટ થાય, જે તેમના દેહવિલયનાં ૭ વર્ષ પછી ૧૯૮૩ બાદ મુકુન્દભાઈ પારાશર્યની અથાગ મહેનતથી ફળીભૂત થઈ છે અને "શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વદર્શન" પુસ્તકની ચોથી આવૃત્તિ હરિ ૐ આશ્રમના આર્થિક સહયોગથી રાહતદરે પ્રગટ થઈ રહી છે.

પ્રભાશંકર પટ્ટણી એટલે ભારત દેશની આઝાદી વખતે ૫૬૨ રજવાડાંઓ પૈકી ભારતમાતાના ચરણે સૌપ્રથમ રાજ્ય સમર્પિત કરનાર પ્રાતઃસ્મરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનો રસપૂર્વક ઉછેર કરનાર મહામાનવ.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઈ.સ. ૧૯૪૮માં મદ્રાસ રાજ્યના ગવર્નર તરીકે નિમાયા ત્યારે માસિક એક રૂપિયાનું માનદ વેતન સ્વીકારી પ્રજાસેવાનો તેમજ ત્યાગનો ઉત્તમ દાખલો બેસાડ્યો હતો. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા મહારાજા એકાંતપ્રિય અને વિચારશીલ હતા કેમકે કુશળ રાજનીતિજ્ઞ અને દૂરંદેશી એવા ભાવનગર રાજ્યના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી દ્વારા તેમનું જીવન ઘડતર થયું હતું.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું બહોળું વાંચન,સરળ જીવન, પ્રકૃતિપ્રેમ અને સ્વતંત્ર વિચારસરણી ના કારણે ભારતના બદલાઈ રહેલા ભવિષ્યના પગરણ અગાઉથી પ્રભાશંકરભાઈ પિછાણી શક્યા હતા. એ કાળમાં આવી તટસ્થતા અને દૂરંદેશીપણાની સમજ બહુ ઓછા રાજવીઓમાં હતી. આથી સૌરાષ્ટ્રના રાજવીઓમાં તો તેમનું વ્યક્તિત્વ અનેક રીતે જુદું પડતું હતું ભારતમાં ચોતરફ તેમની વહીવટ કુશળતા અને ઉદારતાનાં ગુણગાન ગવાતાં  હતાં.

પ્રભાશંકરભાઈ જેવા ચારિત્ર્ય ઘડતર અને જીવન વિકાસ વિષેના ઉત્તમ ગુણ-ભાવને પ્રગટાવવા ઉપરાંત ઉદારતા, વિશાળતા, સહનશક્તિ, ધીરજ, શાંતિ, પ્રસન્નતા, હિંમત, સાહસ, અભય, નમ્રતા, ત્યાગ, દયા, કરુણા, ક્ષમા, તટસ્થતા, વહિવટી કુશળતા,વડીલો પ્રત્યેનો આદરભાવ, વિરોધીઓ સાથેનો મૌલિક વ્યવહાર વગેરે અનેક પ્રેરક ગુણો વિકસાવી ઉત્તમ ચારિત્ર્ય ઘડતરના નિર્માણ માટે આ અવશ્ય વાંચવા ને વસાવવા જેવું પુસ્તક.

આ પુસ્તક પૂજ્ય શ્રીમોટાના હરિ:ૐ આશ્રમ નડિયાદ - સુરત ઉપર ઉપલબ્ધ છે.

તદ્ઉપરાંત આ પુસ્તક કુરિયરથી મંગાવવા માટે આપનું નામ, સરનામું, ફોન નંબર વગેરે વિગત વોટ્સએપ દ્વારા **+91 9727733400** નંબર પર મોકલી આપશો.

(કુરિયર ચાર્જ સાથે **1** બુકના રૂ. **90/-** , **2** બુકના રૂ. **140/-** ઉપરના નંબર પર ગૂગલ પે દ્વારા મોકલી શકાશે.)

**સાભાર : કલમ કડછી બરછી - જુલાઈ-૨૪**

## (૯) બોલેલુ પાળનારા

**રમેશભાઈ ભટ્ટ**

ગુજરાતી ભાષામાં પ્રગટ થતું **'કુમાર'** નામનું માસિક ઘણું જ જાણીતું હતું. (વચગાળે એ બંધ થયું હતું. આજે ફરીથી શરૂ થયું છે.) એમાં પ્રગટ થતાં બધા જ પ્રકારનાં લખાણો ઊંચી ગુણવત્તા ધરાવતા હતા. એનું મુદ્રણ પણ કલાત્મક રહેતું. માસિકમાં ઠાંસીને વાચનસામગ્રી અપાતી. **'કુમાર'** માસિક દ્વારા આપણા સમાજમાં ઊંચા સંસ્કારો પ્રસરતા હતા. એમાં પ્રગટ થતા ચરિત્રો, વાર્તાઓ, કાવ્યો, ચિત્રકલા, શિલ્પકલા, ફોટોગ્રાફી વગેરે વિષે લેખો પ્રગટ થતા.

પૂજ્ય શ્રીમોટા **'કુમાર'** માસિક વાંચતા હતા. તેઓશ્રીને એમ સ્ફુર્યું કે દાયકાઓ સુધી આવું માસિક પ્રગટ કરવું એ સમાજની મોટી સેવા છે. સ્વ.શ્રી બચુભાઈ રાવત **'કુમાર'** ના તંત્રી હતા. **'કુમાર'** માટે લેખન સામગ્રી પસંદ કરવા ઉપરાંત એની કલાત્મક સજાવટ અને મુદ્રણશુદ્ધિ માટે ઝીણવટભરી કાળજી રાખીને ભારે શ્રમ લેતા. **'કુમાર'** ના કામ માટે સમય પાલન પણ ચોકસાઈ ભર્યું હતું. એમણે પોતાનું જીવન **'કુમાર'** પ્રકાશનને સમર્પિત કરેલું હતું.

આથી, પૂજ્ય શ્રીમોટાને થયું કે એક જ ધ્યેયને નજર સામે રાખીને, આવા સંસ્કારલક્ષી અને ગુણસંવર્ધક કાર્ય કરનાર સ્વ.શ્રી બચુભાઈ રાવત ભેખધારી ગણાય. એમનાં જીવન દરમિયાન ધન કમાવાની ઘણી ઉમદા તકો આવી હશે. આમછતાં એમણે પોતાના ધ્યેયને જ નજર સમક્ષ રાખી એવાં બધાં પ્રલોભનોને ટાળીને ધ્યેયને વળગી રહેલા. આવા ભાવનાશાળી, પરિશ્રમી, સ્વ.શ્રી બચુભાઈ રાવતની કદર કરવી જોઈએ. આથી, પૂજ્ય શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ તરફથી સ્વ. શ્રી બચુભાઈ રાવતને ચંદ્રક આપવાનું નક્કી કર્યું અને ચંદ્રક પ્રદાન કરવાનો સમારંભ અમદાવાદમાં વસતા ગુજરાતી સાહિત્યકારોને નિમંત્રીને ગુરુકૃપા ગેસ્ટ હાઉસના (એલિસબ્રીજ, અમદાવાદ) કંપાઉન્ડમાં યોજવાની તારીખ નક્કી કરાઈ.

આ સમારંભમાં પૂજ્ય શ્રીમોટા હાજર રહે એવી સાહિત્યકારોની ઈચ્છાને સ્વીકારીને નિશ્ચિત સમયે પોતે અમદાવાદ આવશે એમ નક્કી કર્યું.

જે દિવસે સમારંભ હતો ત્યારે પૂજ્ય શ્રીમોટા નડિયાદ હરિઃૐ આશ્રમમાં હતા. એમને શ્વાસોશ્વાસમાં તકલીફ ઊભી થયેલી. આથી, રાહત માટે ઑક્સિજનની ટોટીઓ લગાવેલી હતી. આવા સમાચાર સમારંભના દિવસે આવ્યા હતા. કેટલાક સાહિત્યકારોને એમ થતું હતું કે શ્રીમોટાની હાજરી વિના સમારંભ કરવો પડશે!

પણ સૌના આશ્ચર્ય વચ્ચે પૂજ્ય શ્રીમોટા નડિયાદથી અમદાવાદ સમયસર આવી પહોંચ્યા. ઑક્સિજનની ટોટીઓ સાથે પૂજ્ય શ્રીમોટાને જોતાં જ સ્વ. શ્રી ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' એ ભારે આશ્ચર્ય અનુભવેલું અને શ્રીમોટાને કહ્યું : 'આવી સ્થિતિમાં આપે ભારે જોખમ ઉઠાવ્યું ગણાય.'

**ત્યારે શ્રીમોટાએ કહેલું : 'અમે નક્કી કરીએ પછી ગમે તે ભોગે તે પાળ્યા વિના ન રહીએ.'**

સ્વ.શ્રી બચુભાઈ રાવતની સેવાભાવના અને સાહિત્ય પ્રીતિની કદર કરવાનો આ નાનકડો સમારંભ એક સાહિત્યિક સમારંભ બની રહ્યો. આ સમારંભમાં ઑક્સિજન લેતા પૂજ્ય શ્રીમોટાનાં દર્શન આશ્ચર્યજનક અને અલૌકિક હતા !

'હરિવાણી' જુલાઈ, ૧૯૯૬, પૃ.૧૬૫

## (૧૦) મારા જીવન ઘડવૈયા : શ્રીમોટાઃ-૨

ડૉ. અચલાબહેન ગાંધી

**ગતાંકનું ચાલુ**

પૂજ્ય શ્રીમોટાએ મારે ક્યાં પ્રૅક્ટિસ કરવી તે પણ નક્કી કરી રાખેલું. ઉધનામાં તેમણે મારા દવાખાનાનું ઉદ્‌ઘાટન કરેલું અને ત્યાં જ મારું અન્નજળ હશે તે મોટા જાણતા જ હશે. અમારું દવાખાનું સારું ચાલ્યું. મેં ચાળીસ વર્ષ ઉધનામાં પસાર કર્યાં. અમારી બન્નેની મહેનતથી મકાન કર્યું અને ગાડી વસાવી. અમારા પુત્રને ડૉક્ટર બનાવ્યો અને તે પણ અહીં સારું કમાતો થયો.

મને લગ્ન પછી ઉધનામાં સ્થિર કરી એટલે સુરત આશ્રમ જવા-આવવાની સગવડ થઈ ગઈ અને લગ્ન બાદ પણ હું પૂજ્ય શ્રીમોટા સાથે સંપર્ક રાખતી. મહિનામાં એક વખત મળવા જતી તથા તેઓ કાયમ મારી પાસે બ્લડપ્રેશર મપાવતા. ત્યારબાદ પૂજ્ય નંદુભાઈનું બી.પી. કાયમ મપાવતા.

કોઈ વખત પૂજ્ય શ્રીમોટાની નાડી તથા બી.પી. માપી શકાતું જ નહિ. હું, મોટા સામે જોતી તો તેઓ ખડખડાટ હસતા. તેમના શરીરમાં કોઈ તકલીફ હતી નહિ. હું આશ્ચર્યમાં પડી જતી.

ભાઈ નંદુભાઈનું પ્રેશર પણ મોટાનું જેટલું હોય તેટલું જ રહેતું. પૂજ્ય શ્રીમોટા જે વાત કરે તે વાત જ તેઓ રિપિટ કરતા. આવું ઘણી વખત થતું. જેથી, અમને ખબર પડી કે પૂજ્ય ભાઈ તથા પૂજ્ય શ્રીમોટા બન્નેનો એકતાર છે. બન્નેને મળવું અમારા માટે સરખું જ હતું. પૂજ્ય ઝીણાકાકા પણ આ તારમાં જોડાયેલા.

જ્યારે મારા સારા દિવસો હતા ત્યારે પૂજ્ય શ્રીમોટા મને ખાવાપીવાની બધી સલાહ આપતા. વધારે ખાટું, ખારું, તીખું ખાવું નહિ. દૂધ તથા ફળફળાદિ વધારે ખાવા. આમ, તેમને શારીરિક વિજ્ઞાન વિશે પણ સંપૂર્ણ માહિતી હતી.

સાત મહિને મને તેમણે કહેલું કે છોકરો આવશે. તો તે પણ તેમને ખબર પડતી હતી. પ્રસૂતિ બાદ પણ દરરોજ મારા બાબાને સંચળ તથા મોટી હરડેનો ઘસારો પાવાનું કહેતા તથા મારા માટે દરરોજ મગની દાળ તથા સુવાની ભાજીનું શાક મને ખવડાવતા. દરરોજ ખબર લે. મા તથા બાળકની કઈ રીતે કાળજી રાખવી તેનું તેમને સંપૂર્ણ જ્ઞાન હતું. મારી પ્રસૂતિ નૉર્મલ થશે તે પણ આગળથી કહેલું. આમ, પ્રસૂતિ દરમિયાન મારી ઘણી કાળજી લીધી હતી. તે તેમનો ઉપકાર હું ભૂલી શકું તેમ નથી. મારાં લગ્નપ્રસંગે મારા સાસરે રીતરિવાજને ચુસ્ત રીતે પાળવાનો આગ્રહ રાખતા, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ તો જમાઈને કહી દીધું કે મારે તમને સૂટ કે વીંટી કે એવું કંઈ આપવાનું મન નથી. તથા પહેરામણી પણ આપવામાં હું માનતો નથી. તેમણે મારા પતિને ૧૧ રૂપિયા હાથમાં આપેલા જે હજી સાચવી

રાખ્યા છે. તેમના આશીર્વાદથી તેઓ આખી જિંદગી સારું એવું કમાયા છે, આમ, રીતરિવાજ રૂઢિ પ્રમાણે કંઈ થવા દીધું ન હતું.

મારાં દાદીના મૃત્યુ બાદ જ્યારે અમે લોકોએ બારમું કરીને નાતને જમાડી ન હતી તેથી જ્ઞાતિના લોકો ખૂબ નારાજ હતા અને તેથી મારાં લગ્ન સમયે પૂજ્ય શ્રીમોટાએ આખી જ્ઞાતિને પોતે જમાડી હતી.

મારી સાસરીમાં પણ નણંદ, સાસુ-દેરાણી વગેરે સાથે સદ્ભાવયુક્ત રહેવાની સલાહ આપેલી. સાસરામાં કંઈ પણ કોયડો કે ઝઘડો થાય તો પોતે જાતે આવીને ઉકેલ કરી ગયા છે. આમ, તેમના આશીર્વાદથી અત્યારે મારે બધાં સાથે પ્રેમભાવ સદ્ભાવયુક્ત સંબંધ રહેલા છે.

મારી આખી જિંદગીમાં આ રીતે શ્રીમોટા મારી સાથે રહ્યા છે. એટલે મારે માટે તો પોતાના પ્રભુ હોવાનું સાબિતી કરી ગયા છે.

તેઓએ અનેકોના જીવનમાં સાથ આપેલો છે. આવું પ્રભુ સિવાય કોઈ કરી શકે નહિ.

પૂજ્ય શ્રીમોટાએ મને તેઓની હયાતી દરમિયાન વચન આપેલું કે હું કંઈ આ માટીના દેહનું ખોળિયું નથી, પણ મારામાં જીવતાજાગતા ચેતનનો રણકાર છે અને તું મુશ્કેલીમાં હોય ત્યારે મને હું જીવતો હોઉં કે ન હોઉં પણ પ્રાર્થના કરશે તો હું તને ચોક્કસ મદદ કરીશ. આવા મદદકર્તા પ્રભુ આપણી બધાંની સાથે છે, આપણે તો હવે નિશ્ચિંત બની જવાનું જ હોય. આવા સમર્થ પ્રભુ આપણે મેળવ્યા છે, તે આપણાં સૌભાગ્ય છે.

પૂજ્ય શ્રીમોટાના માતૃશ્રી સૂરજબાના મૃત્યુ સમયે હું હાજર હતી. તે વખતે મારી ઉંમર આશરે ૬ વર્ષની હતી. સૂરજબાનું મૃત્યુ નડિયાદમાં પંચકૂઈ તરીકે જાણીતા સ્થળના મકાનમાં થયેલું. મૃત્યુની થોડીક ક્ષણો પહેલાં તે જે બોલેલાં તે શબ્દશઃ મેં સાંભળેલું. બાએ છેલ્લા સમયે કહ્યું કે "મૂળિયા ઓ મૂળિયા" મારા પિતા દાદર પરથી ઊતરી સામે આવી ઊભા તેમને બાએ કહ્યું કે જો આ ચૂનિયો આવ્યો. મૂળજીભાઈએ કહ્યું કે કયાં છે ? એ તો કાશીમાં છે. તો બા બોલ્યાં કે જો આ મારા જમણા પગ પાસે બેઠો છે ને મારા પગ દબાવે છે." એટલું બોલીને બાએ પ્રાણ છોડી દીધા.

બધાં સગાંઓએ મને જણાવ્યું કે, બા મરી ગયાં. તો હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ હતી. મરી ગયા એટલે શું થાય તેની મને ગતાગમ ન હતી. પછી મારી દાદીની ઠાઠડી બધાં બાંધતા હતા, દોરીથી તેઓ મારી બાને બાંધતા જોઈ હું નાની છ વર્ષની દાદીની લાડકી પૌત્રી બધાંને મારવા લાગી. અને એક બે જણને તો બચકું પણ ભરી લીધું, બસ આટલું જ મારા સ્મૃતિ પર છે. બીજું કશું યાદ નથી. આમાં પણ પ્રભુનો ગૂઢ હેતુ હશે, કે છ વર્ષની છોકરીને સાક્ષી બનાવી.

સંપૂર્ણ

ગુરુપૂર્ણિમાની બીજી એક વાત કરી દઉં. આ બહેનોને મારી પ્રાર્થના છે કે તમે ગામમાં જાવ, **શહેરમાં જાવ તો ગળામાં સોનાની કંઠીઓ-બંઠીઓ પહેરીને ન જાવ તો તમારા માટે સારું છે. આ છાપામાં રોજના રોજ હું જોઉં છું અને મને જેટલાં બહેનો મળે છે એમને બધાંને કહું છું તમને કહું છું એમ નહિ. મારાં આ જયશ્રીબહેનને તો ઘણીવાર કહું છું. અને મોટા, બહાર જઈશ ત્યારે હું હવે સોનાની કંઠી નહિ પહેરું એમ મને કહ્યું પણ છે : પણ તમને બહેનોને મારી પ્રાર્થના છે કે તમે બહાર જાવ, ત્યારે ગળામાં સોનાનું કશું ના રાખશો તો તમારા માટે સારી વાત છે. પછી તમે જાણો. આ મારી પ્રાર્થના તમારી આગળ વિનંતી રૂપે મેં મૂકી દીધી છે. વિવાહનો પ્રસંગ હોય ત્યારે તમે ઘરમાં પહેરો. પણ બહાર પહેરીને ઠઠારો કરવા નીકળ્યા તમારી પાસે પૈસા છે એ દેખાડવાની કાંઈ જરૂર નથી. આ તો બધું દેખાદેખી ચાલેલું છે ભાઈ. એનો કાંઈ અર્થ નથી. આ તો તમારા આ કાળમાં લૂંટી લે છે.**

હમણાં મેં છાપામાં વાંચ્યું કે પેડર રોડ કેટલો મોટો ? ઓ હો હો હો! એ તો મોટા પૈસાદારમાં પૈસાદાર લોકો પેડર રોડમાં રહે છે. ત્યાંથી ગળામાંથી એના એનું બધું લઈ ગયા. છાપામાં વાંચ્યું હતું મેં અને આવા તો છાપામાં કેટલા કિસ્સા આવે છે તોયે આપણે ચેતીએ નહિ. કાળ તો આપણને ચેતાવે છે. તોયે ના હમજીએ મારે તો વાંધો નથી ભઈ. તમે પહેરીને જશો. મને વાંધો નથી. પણ મારો ધર્મ એવો કે મારે ચેતાવવા ખરા.

અને મારા આ છે તે ભારદવા વદ ચોથે મારો ઉત્સવ ઉજવવાનો છે અમદાવાદમાં ત્યારે પણ હું તો બહેનો, આજ સુધી તો મેં કહ્યું નથી. મને જે ખાનગી મારી સાથે સંબંધમાં આવેલાં બહેનોને મેં  વાત કરી છે. એમાં કોકે હા પાડી છે ને કોકે મોટા તમને હમજણ નહિ ને.

હવે એ તો ડોકને ખાલી લઈને ફરીએ અમે? ડોકમાં ખાલી લઈને ? તમારું શું જાય છે એમાં? મેં કહ્યું "મારું કશું જતું નથી. માફ કરજો. બા હવે તને ફરીથી નહિ કહું." એવા પણ મને મળે છે. અને ફરીથી એને કહેતોય નથી. હું તો એમના ભલાને માટે કહું છું. પણ ખરાબ કાળ આવે છે અને લૂંટી જાય.

અમારે ઘણો ઘરોબો ચંદુલાલ ભાવસાર કરીને છે એનો. શારદા મારા માટે બહુ એને લાગણી. નંદુભાઈ એને જાણે છે. મઠિયાં કરે, ચેવડો કરે, સુખડી કરે, વડાં કરી આપે. ઘણીવાર બધું મોકલ્યાં જ કરે. તે એક વખતે ગાડીમાંથી ચાલતી ગાડીમાંથી એના ગળામાંથી સોનાનો મોટો હાર ખેંચી ગયા. ફરિયાદ કરી બધું. કાંઈ કશું વળ્યું નહિ. ગયું. ત્યારે આવા ગાડીમાંથી પણ ગળામાંથી ખેંચી જનારા આજે ઘણા પાક્યા છે.

'શ્રીમોટાવાણી-ભા-૨ આ.દ્વિ.પૃ.૫૭

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | સ્થળ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન પ.પૂ.શ્રીકૃષ્ણાનંદજી (ભાદરણ) થી ૩-૮ અને ૨૯-૮ ની આવાગમનની પુણ્યસ્મૃતિ નિમિત્તે જ્ઞાનદાન) | સુરત. | ૧૧,૧૧૧/- |
| ૨. | જગદીશભાઈ સી.મારફતિયા ગુરુપૂર્ણિમા નિમિત્તે | પૂના | ૫,૦૦૦/- |
| ૩. | શાંતિલાલ એન. પટેલ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | ગીતાબહેન જે. શાહ | વડોદરા | ૨,૫૦૦/- |
| ૫. | એક સ્વજન | સુરત. | ૧,૧૧૧/- |
| ૬. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૭. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૮. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૯. | પૂજા મિનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |
| ૧૦. | જીતેન્દ્રકુમાર એચ. સરવૈયા-પૌત્રી હાર્વિ ના જન્મનિમિત્તે | અમદાવાદ | ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## ‘હરિભાવ’ માસિકનું સપ્ટેમ્બર-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ |
|---|---|
| ૧. અરુણભાઈ જે. દોશી | વડોદરા |
| ૨. બટુકભાઈ ટી. કથીરિયા (ડો.) | જૂનાગઢ |
| ૩. ભટ્ટીભાઈ બ્રાન્ચ પોસ્ટ માસ્ટર | જૂનાગઢ |
| ૪. ચૂનીલાલ પી. પટેલ | સુરત |
| ૫. ધર્મેશ કંસારા | અમદાવાદ |
| ૬. દીલીપભાઈ વી. સપુરા | સુરત |
| ૭. દિવ્યા સંઘાણી | અમદાવાદ |
| ૮. ગોવિંદભાઈ વી. પટેલ | અમદાવાદ |
| ૯. કમલેશભાઈ એચ. દવે | અમદાવાદ |
| ૧૦. કાંતિભાઈ ડી. મહેતા | જૂનાગઢ |
| ૧૧. કૌશલ એસ. પાઠક | સુરત |
| ૧૨. કિરણ રામચંદ્ર પાઠક | વડોદરા |
| ૧૩. મનીષ આર. વૈદ્ય | સુરત |
| ૧૪. રાજેશકુમાર પી. પટેલ | સુરત |
| ૧૫. રમેશભાઈ ડી. ભાવસાર | વડોદરા |
| ૧૬. સવજીભાઈ ડી. ભુવા | જૂનાગઢ |
| ૧૭. વી.જી.યોગાનંદી | જૂનાગઢ |
| ૧૮. વર્ષા બી. મહેતા (ડો) | ભુજ |
| ૧૯. વિષ્ણુબાપુ નિરંજની નિવૃત કર્મચારી | જુનાગઢ |

## ‘હરિભાવ’ માસિકનું ઑકટોબર-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ |
|---|---|
| ૧. ગીતા ત્રિવેદી | યુ.એસ.એ. |
| ૨. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત |
| ૩. મનિષ મજમુદાર | અમદાવાદ |
| ૪. નિલેશ આર. વ્યાસ | સુરત |
| ૫. રાજીવ જરીવાલા | સુરત |

ઉપરોકત સ્વજનશ્રીઓને વિનંતી કે ‘હરિભાવ’નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક … સંપાદક

## હરિઃૐ

**વહાલા સ્વજનો,**

હરિઃૐ આશ્રમ દ્વારા નીચે જણાવેલ નવાં પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે.

(૧) પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને **'જીવનઅંજલિ', પૃ. ૪૩૨, કિંમત : રૂ.૫૦/-**

આ પુસ્તક શ્રી નંદુભાઈના સાતત્યપૂર્ણ જીવનનો પરિચય કરાવે છે. શ્રી નંદુભાઈના ઊંડાણનો પરિચય જૂજ લોકોને હશે. આ પુસ્તકમાં ભાઈશ્રી નંદુભાઈએ સ્વજનોને પત્રો દ્વારા આપેલી શીખ તેમ જ સ્વજનોને શ્રી નંદુભાઈના માર્ગદર્શનથી જીવનમાં થયેલા અનુભવો એ તમામ વાતોનું દસ્તાવેજીકરણ રજૂ કરવામાં આવ્યું છે. સરળ શબ્દોમાં જીવનના ઘડતરની જે શીખ આપી છે, તેમાંથી શું શીખવાનું છે અને કેવા બનવાનું છે તેનું માર્ગદર્શન આજની અને ભવિષ્યની પેઢીને મળતું રહે એવા શુભ આશયથી આ પુસ્તક સમાજને ચરણે ધરી રહ્યા છીએ.


(૨) સાધનાકાળની પ્રાર્થનાઓ ભાગ : ૧-૨ **'સ્તવનાંજલિ'** અને **'પ્રાર્થનાંજલિ'**


**પૃ. ૩૮૪ + ૩૩૬ = ૭૨૦ કિંમત : રૂ. ૧૦૦/-**


પૂજ્ય શ્રીમોટાએ ભાઈશ્રી નંદુભાઈને ઈ.સ. ૧૯૪૪ના ફેબ્રુઆરી મહિનામાં હિમાલય યાત્રાએ જતાં પહેલા એક પત્ર દ્વારા જણાવેલું કે આપણે હિમાલય યાત્રા કરીને આવ્યા પછી **'સ્તવનાંજલિ'** અને **'પ્રાર્થનાંજલિ'** એ નામે જૂની જૂની સાધનાકાળ દરમિયાનની પ્રાર્થનાઓ બહાર પાડતા જઈશું. પરંતુ કોઈ સંજોગોના કારણે આ કામ લંબાઈ ગયું અને આજે ૮૦ વર્ષ પછી ઈ.સ. ૨૦૨૪માં એ સાકાર થઈ રહ્યું છે. આ પ્રાર્થનાઓ જિજ્ઞાસુ જીવોને સાધનામાં જરૂરી માર્ગદર્શન તથા પ્રેરણાબળ જરૂર પુરું પાડશે. આ બંને પુસ્તકો 'હરિઃૐ આશ્રમ', નડિયાદ અને સુરતમાં ઉપલબ્ધ છે. ઘરે બેઠાં કુરિયર દ્વારા મંગાવવા માટે સુરત આશ્રમના વૉટ્સઅપ નંબર : ૯૭૨૭૭ ૩૩૪૦૦ ઉપર આપનું નામ-સરનામું આપી પુસ્તકો મંગાવી શકાશે.

*'હરિઃૐ આશ્રમ', સુરતના પત્રમાંથી સંકલન*

**- સંપાદક, હરિવાણી ટ્રસ્ટ**



**HARIBHAV, SEPTEMBER, 2024**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026

જે વિચાર જીવંત એકાગ્રપણે કેંદ્રિતતાથી જેના પરત્વેનો પ્રગટેલો હોય, તેવા વિચારનાં મોજાં તેવા જીવ પરત્વે જ વહેતાં જતાં હોય છે, ને તે સૂક્ષ્મમાં પકડાઈ જતાં હોય છે. આ પણ આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનની એક ન સમજાઈ શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ હકીકત છે.

**'એ વાતો છે ઝીણિયું'**

આ બધી હકીકતો પણ શ્રદ્ધાના પ્રયોગાત્મક થયેલા અનુભવમાંથી પ્રગટેલી છે.

**- શ્રીમોટા**

'શ્રદ્ધા' 'લેખકના બે બોલ'માંથી, પ્ર.આ., પૃ. ૯ થી ૧૮
'વાટખર્ચી-શ્રદ્ધા', પ્ર.આ., પૃ.૭૮

y SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed a pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahm d published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
E SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com